**સુવિચાર**

આ જગતમાં પરોપકાર સિવાય કોઇ ધર્મ નથી અને બીજાને દુઃખ આપવા સમાન કોઇ પાપ નથી...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




શાસ્ત્રી મેદાન પાસે ચોરાઉ બાઇક સાથે જંગલેશ્વરનો શખ્સ ઝડપાયો

P-4

Year-16, Issue-101 ■ DATE : 04-08-2025 MONDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ભારત રશિયા પાસેથી તેલ ખરીદી યુધ્ધ ભંડોળ પુરુ પાડે છે

## વ્હાઇટ હાઉસના અધિકારીઓએ સ્પષ્ટપણે કહ્યું કે મોટાભાગના ટેરિફ દરોને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે અને હવે આ દરોમાં ફેરફારની કોઈ શક્યતા નથી



**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેર કરાયેલા ટેરિફથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. ટ્રમ્પે ભારત સામે પણ તેમણે ૨૫ ટકા ટેરિફ લાદ્યો છે. આ દરમિયાન, વ્હાઇટ હાઉસના અધિકારીઓએ સ્પષ્ટપણે કહ્યું છે કે મોટાભાગના ટેરિફ દરોને અંતિમ સ્વરૂપ આપી દેવામાં આવ્યું છે અને હવે આ દરોમાં ફેરફારની કોઈ શક્યતા નથી.

ટેરિફ અંગે, વ્હાઇટ હાઉસના આર્થિક સલાહકાર કેવિન હેસેટે કહ્યું છે કે, મોટાભાગના ટેરિફ દરો લગભગ અંતિમ છે અને બજારની નકારાત્મક પ્રતિક્રિયા છતાં તેમાં કોઈ મોટો ફેરફાર થશે નહીં.

ડોનાલ્ડ ટ્રમ્પના વરિષ્ઠ વેપાર સલાહકાર જેમિસન ગ્રીરે પણ આ જ વાત કહી છે. ગ્રીરના મતે,અમેરિકાના ટેરિફ દરો લગભગ નિશ્ચિત છે અને તેમાં વાટાઘાટો માટે હવે કોઈ અવકાશ નથી. આ દરો ૧૦% થી ૪૧% સુધીના છે અને ભારત, યુરોપિયન યુનિયન, બ્રાઝિલ સહિત ઘણા અમેરિકન વેપાર ભાગીદારોને તે અસર કરશે.

**અમેરિકી પ્રમુખ ટ્રમ્પના ટોચના સલાહકાર સ્ટીફન મિલરે ભારત વિરૂધ્ધ ઝેર ઓકી કર્યો આક્ષેપ**

બીજી તરફ ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની સરકારના મંત્રી, અધિકારીઓ સતત ભારત વિરુદ્ધ બેફામ નિવેદનો કરી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ ખુદ અત્યાર સુધી સોશિયલ મીડિયા પર ભારત વિરુદ્ધ એક ડઝનથી વધુ નિવેદનો આપ્યા છે. હવે વ્હાઈટ હાઉસમાં તેમના ટોચના સલાહકાર સ્ટીફન મિલરએ પણ ભારત વિરુધ્ધ ઝેર ઓક્યું છે.

મિલરે ભારત પર યુક્રેન યુદ્ધને ભંડોળ પૂરું પાડવાનો સીધો આરોપ લગાવ્યો છે. મિલરના આ નિવેદનથી ચકચાર મચી ગઈ છે. વ્હાઈટ હાઉસમાં ડોનાલ્ડ ટ્રમ્પના અગ્રણી સલાહકાર સ્ટીફન મિલરએ ભારત પર વોર ફંડિંગનો આક્ષેપ કર્યો છે. મિલરે કહ્યું કે, ભારત માટે રશિયા પાસેથી તેલ ખરીદીને આ યુદ્ધને ભંડોળ પૂરું પાડવાનું ચાલુ રાખવું સ્વીકાર્ય નથી.

સ્ટીફન મિલરના નિવેદન પરથી ફલિત થાય છે કે, ભારત અને અમેરિકા મુખ્ય ઈન્ડો-પેસિફિક ભાગીદારો હોવા છતાં, દિલ્હી પ્રત્યે વોશિંગ્ટનનું આકરું વલણ અપનાવી રહ્યું છે. જોકે મિલરે ટ્રમ્પ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધોને મજબૂત અને અદ્ભુત ગણાવ્યા હતા.

નિષ્ણાતો માને છે કે, રશિયન તેલ ખરીદવા બદલ ભારત પર દંડ લાદવો એ ભારતના સાર્વભૌમત્વ પર સીધો પ્રહાર છે. નિષ્ણાતો કહે છે કે અમેરિકા કેવી રીતે નક્કી કરી શકે છે કે ભારતે કોની સાથે કેવા સંબંધો રાખવા જોઈએ. ભારત સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે તેની ઊર્જા વ્યૂહરચનામાં કોઈ ફેરફાર કરશે નહીં. ભારતનો તર્ક છે કે રશિયા પાસેથી તેલ ખરીદવું તેની વ્યૂહાત્મક સ્વાયત્તતા અને આર્થિક જરૂરિયાતો સાથે સંબંધિત છે.

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ એ પણ સંકેત આપ્યો છે કે, જો કોઈ દેશ રશિયા પાસેથી ઊર્જા આયાત કરવાનું ચાલુ રાખે અને તેના પરિણામે યુક્રેનમાં શાંતિ સ્થાપિત ન થાય તો અમેરિકા ૧૦૦% સુધી ટેરિફ લાદી શકે છે.

સંકેતો સ્પષ્ટ છે કે જો ભારત રશિયા પાસેથી ઊર્જાની ખરીદી યથાવત રાખે છે તો આગામી સમયમાં ટ્રમ્પ વહીવટીતંત્રના કાર્યકાળ દરમિયાન દ્વિપક્ષીય સંબંધો વધુ કડવાશભર્યા બની શકે છે.

# આવતા મહિનેથી વંદેભારતમાં સ્લીપર કોચ શરૂ થશેઃ ભાવનગરમાં રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવનું એલાન

**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગરની મુલાકાતે આવેલા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે આવતા મહિનાથી વંદેભારતની સ્લીપન ટ્રેન શરૂ કરવાનું એલાન કર્યું હતું. ઉપરાંત રાજકોટ-પોરબંદર વચ્ચે નવી ટ્રેન બે ગતિશકિત કાર્ગો ટર્મીનલ તથા ભાવનગરમાં નવા બનનારા બંદર પર કન્ટેનર ટર્મીનલનાં પ્રોજેકટ જાહેર કર્યા હતા. અમદાવાદ-મુંબઈ વચ્ચેની બુલેટ ટ્રેન પણ તુર્ત શરૂ થવાનું કહ્યું હતું.

ભાવનગર-અયોધ્યા વચ્ચેની અઠવાડીક ટ્રેનને લીલીઝંડી આપવાના સમારોહમાં સામેલ થયેલા રેલ્વે પ્રધાને કહ્યું કે સપ્ટેમ્બરથી વંદેભારત સ્લીપર ટ્રેન શરૂ થઈ જશે.



તેમણે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો રેલ્વે સાથે ભાવનાત્મક સંબંધ છે. તેથી, તેમને રેલવે પ્રત્યે ખાસ લાગણી છે. તેઓ હંમેશા રેલ્વેનો વિકાસ કેવી રીતે કરવો તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે. નવી ટેકનોલોજી કેવી રીતે લાવવી. કેવી રીતે વિસ્તરણ કરવું તે દિશામાં સરકાર હંમેશા કાર્યરત રહે છે.

પાછલા ૧૧ વર્ષમાં રેલ્વેમાં આમૂલ પરિવર્તન આવ્યું છે. આ ૧૧ વર્ષમાં ૩૪૦૦૦ કિલોમીટરના નવા રેલ્વે ટ્રેક બનાવ્યા છે. દરરોજ લગભગ ૧૨ કિમી નવા ટ્રેક બનાવવામાં આવે છે, જે ઈતિહાસમાં ક્યારેય બન્યું નથી. ૧૩૦૦ સ્ટેશનોનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે, જે આજે વિશ્વનું સૌથી મોટું સ્ટેશન નવીનીકરણ કાર્ય છે.

વિદેશમાં, જ્યારે સ્ટેશનોનું નવીનીકરણ કરવામાં આવે છે, ત્યારે કામ ચાલુ રાખવા માટે સમગ્ર સ્ટેશન અને ટ્રેનો બંધ કરી દેવામાં આવે છે જ્યારે ભારતમાં આ કાર્ય તેજ ગતિએ અને સુપેરે આગળ વધી રહ્યું છે.

વધુમાં મંત્રીએ જાહેરાત કરતા જણાવ્યું કે, પોરબંદર-રાજકોટ નવી ટ્રેન ટૂંક સમયમાં દરરોજ દોડવા લાગશે. રાણાવાવ સ્ટેશન પર નવી કોચ જાળવણી સુવિધા, સરડિયા-વાસજલિયા નવી લાઇન, ત્યારબાદ ભદ્રકાળી ગેટ, પોરબંદર શહેરમાં નવો ફ્લાયઓવર, ભાવનગરમાં ૨ નવા ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ અને એક નવું બંદર બનવા જઈ રહ્યું છે.

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં વિપક્ષ લડી લેવાના મૂડમાં

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદમાં રાજકીય ઘમાસાણ ચાલુ છે. ઓપરેશન સિંદૂર પર ચર્ચા સિવાય આ ચોમાસુ સત્રમાં બંને ગળહોની કાર્યવાહી અત્યાર સુધી યોગ્ય રીતે ચાલી શકી નથી. બીજી તરફ, ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીની તારીખો પણ જાહેર કરવામાં આવી છે. આ ચૂંટણીમાં, શાસક પક્ષ અને વિપક્ષ એકબીજાનો સામનો કરવાની તૈયારી કરી રહ્યા છે. આ જ કારણ છે કે વિપક્ષી પક્ષોના જોડાણ ઇન્ડિયા બ્લોકની એક મહત્વપૂર્ણ બેઠક યોજાવા જઈ રહી છે. આ મહત્વપૂર્ણ બેઠક ૭ ઓગસ્ટે કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીના ઘરે યોજાવા જઈ રહી છે.

માહિતી અનુસાર, આ બેઠકમાં વિપક્ષી પક્ષો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે રણનીતિ પણ બનાવશે. રાહુલ ગાંધી આ બેઠકમાં કથિત મત ચોરીના પુરાવા રજૂ કરશે. વિરોધ પક્ષો બિહારમાં સંયુક્ત આંદોલન અને કાનૂની વિકલ્પો પર પણ વિચાર કરશે. દિલ્હીમાં યોજાનારી આ બેઠકમાં ઘણા મહત્વપૂર્ણ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે. બિહારમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પછી મતદાર યાદીમાંથી મોટી સંખ્યામાં નામો દૂર થવાથી વિપક્ષી પક્ષો ચિંતિત છે. તેઓ અન્ય રાજ્યોમાં પણ આ મુદ્દો ઉઠાવવાની યોજના બનાવી રહ્યા છે.



કોંગ્રેસ અને કેટલાક અન્ય વિપક્ષી પક્ષોએ ચૂંટણી પંચની કામગીરી પર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમનો આરોપ છે કે ઘણી ચૂંટણીઓમાં મત ચોરી થઈ છે. વિપક્ષી પક્ષો સંયુક્ત રીતે આ બધા મુદ્દાઓ પર રણનીતિ બનાવશે. કેટલાક નેતાઓએ જણાવ્યું હતું કે રાહુલ ગાંધીના ઘરે યોજાનારી બેઠકમાં કોંગ્રેસના સાંસદો બેંગલુરુમાં કથિત ચૂંટણી ગેરરીતિઓ અંગે રજૂઆત કરશે. આ પછી, તેઓ ઇન્ડિયા બ્લોક બેઠકમાં મત ચોરી અને ચૂંટણી પંચની ભૂમિકા અંગે પુરાવા રજૂ કરશે.

રાહુલ ગાંધીના ઘરે યોજાનારી બેઠકમાં સંસદમાં ચાલી રહેલા ગતિરોધ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી અંગે વિપક્ષની આગામી રણનીતિ પર પણ વિચારણા કરવામાં આવશે. આમાં, પ્રક્રિયા અંગે બિહાર અને દેશભરમાં સંયુક્ત આંદોલન શરૂ કરવાની શકયતા પર પણ ચર્ચા કરવામાં આવશે. તેજસ્વી યાદવે અગાઉ બિહાર વિધાનસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાની વાત કરી હતી.

# રાજકોટની પાટીદાર યુવતીએ સોશિયલ મીડિયામાં વીડિયો અપલોડ કરી જિલ્લા ભાજપ અગ્રણીના પરિવાર પર લગાવ્યા ગંભીર આરોપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની પાટીદાર દિકરીએ જિલ્લા ભાજપ અગ્રણી દિનેશ અમૃતિયા અને તેના પરિવાર પર ગંભીર આક્ષેપ લગાવ્યા હતાં, મિલ્કત પડાવવા માતા પર હુમલો કર્યો હોવાના સીસીટીવી પણ જાહેર કરતાં ખળભળાટ મચી ગયો હતો. મુંબઈ રહેતી ક્રિષ્ટિના પટેલે સોશિયલ મીડિયામાં વિડીયો અપલોડ કરી રડતી આંખે કહ્યું કે, મિલકત માટે મારા મોટા પપ્પા અને ટોળકીએ મારા પિતાની હત્યા કરાવ્યાની પણ મને શંકા છે.

રાજકોટમાં લક્ષ્મીનગર મેઈન રોડ પર રાધાનગરમાં આવેલ અનુરાધા એપાર્ટમેન્ટમાં રહેતા અંજુબેન પરેશભાઈ અમૃતલાલ અમૃતિયાએ પોલીસ કમિશ્નરને આપેલ અરજીમાં આરોપી તરીકે આનંદ દિનેશભાઈ અમૃતિયા, દિનેશ અમૃતભાઈ અમૃતિયા (રહે. બંને દેવાગન એપાર્ટમેન્ટ,પંચવટી રોડ), બીપીનભાઈ અમૃતિયા (રહે. અમીન માર્ગ, કુનદન પટેલની બાજુમાં) અને અશોકભાઈ અમૃતિયા (રહે. ભાયાવદર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓના લગ્ન તા. ૨૩/૦૫/૧૯૯૯ ના પરેશભાઈ અમૃતલાલ અમૃતિયા સાથે થયેલ છે.

તેઓ સ્વ. પરેશભાઈ અમૃતિયાના કાયદેસરનાં પત્નિ છીએ. તેમના પતિ પરેશભાઈ અમૃતિયાનું તા.૭/૯/૨૦૨૪ ના રોજ રાજકોટમાં લક્ષ્મીનગર મેઈન રોડ પર આવેલ અનુરાધા એપાર્ટમેન્ટ પર અવશાન થયેલ છે. લગ્ન બાદ તેઓ સંયુક્ત કુટુંબમાં રહેતાં હતાં. તેઓના લગ્ન જીવનથી એકમાત્ર સંતાન પુત્રી ક્રિષ્ટિના જે પુત્રી ક્રિષ્ટિનાની ઉમર હાલ ૨૩ વર્ષ છે.

લગ્ન જીવનની શરૂઆતનાં ૮ વર્ષો અમો પતિ પત્નિ વચ્ચેનું લગ્ન જીવન સારી રીતે ચાલેલ ત્યારબાદ સંયુક્ત કુટુંબનાં કારણે નાની મોટી વાતમાં ખટરાગ થતો હતો અને કુટુંબનાં તમામ પુરૂષ અને મહિલા સભ્યોની નજર સ્વ. સ્વ. પરેશભાઈ અમૃતિયાની સ્થાવર જંગમ મિલકત અને તેની આવક પર જ રહેલ હતી. જેના કારણે અમો પતિ પત્નિનું લગ્નજીવન કલૂષિત બનેલ હતું.

પતિ પત્નિ વચ્ચેનું લગ્નજીવન કલૂષિત બનતા લાંબો સમય સુધી સમાજનો, કુટુંબનાં વડિલો આગેવાનોની સમજાવટનાં અસંખ્ય પ્રયત્નો કરતા કોઈ સમાધાનકારી રસ્તો ન થતા તેણીએ પૂત્રીનાં ભરણપોષણ નિભાવની જવાબદારી રહેલ હોય જેથી નાછુટકે ધોરાજી કોર્ટમાં ભરણપોષણ મેળવવા અરજી કરવી પડેલ હતી.

પતિ પત્નિ વચ્ચેનાં મતભેદ, મનભેદનાં કારણે તેઓ પુત્રી ક્રિષ્ટિનાને લઈ ૨૦૧૨ માં મુંબઈ શહેરમાં આવી ગયેલ અને પિયરપક્ષના સભ્યો દ્વારા તેઓને આર્થિક, સામાજિક મદદ થતા મુંબઈમાં રહેવા ગયેલ હતા. તેણીના પતિને પુત્રી ક્રિષ્ટિના પ્રત્યે અનહદ પ્રેમ અને લાગણી હોય તેઓ અમારા મતભેદો બાજુએ મુકી ઘણી વખત મુંબઈ આવી પુત્રી ક્રિષ્ટિના સાથે ૨-૩ દિવસનો સમય પસાર કરતા તેજ રીતે મા દીકરી ઘણીવાર મુંબઈથી વતનમાં સારાનરસા પ્રસંગે આવતા ત્યારે અમારા સ્વર્ગીય પતિ સાથે રાજકોટ મુકામે ૨-૩ દિવસ રોકાતા હતા.

આરોપીઓએ પતિ પત્નિ વચ્ચેનાં કલુષિત લગ્ન જીવનનો ગેરલાભ લઈ અમારા સ્વ.પતિનાં નામે તેમની હૈયાતીમાં તેમણે સ્વપાર્જિત મુડીમાંથી ખરીદેલ સ્થાવર જંગમ મિલકતો પચાવી પાડવા શરૂઆતથી જ પ્રયત્ન કરતા હતા અને હાલ પણ કરી રહેલ છે તેજ રીતે આ કામના સામાવાળાઓ પતિનાં અવશાન બાદ પણ તમામ નૈતિક સામાજીક બંધનો નેવે મુકી હજુ પણ પતિના નામે રહેલ સ્થાવર જંગમ મિલકત ઓળવી જઈ મા દીકરીને રસ્તે રઝળતા મુકી દેવા કાર્યવાહી કરી રહેલ હોય જેથી ફરિયાદ કરેલ છે.

# હૃદયરોગ સહિતની જીવન રક્ષક દવાની કિંમતમાં ઘટાડો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાષ્ટ્રીય ઔષધી મુલ્ય નિર્ધારણ ઓથોરીટી (એનપીપીએ) એ મુખ્ય દવા કંપનીઓ દ્વારા વેચવામાં આવતી ૩૭ આવશ્યક દવાઓની છુટક કિંમતોમાં ઘટાડો કર્યો છે.આ દવાઓમાં હૃદય રોગ, એન્ટી બાયોટીક, ડાયબીટીસ, અને માનસીક રોગો સંબંધીત અનેક પ્રકારની દવાઓ સામેલ છે.

શનિવારે કેન્દ્રીય રસાયણ અને ખાતર મંત્રાલયે ડ્રગ્સ પ્રાઈઝ કન્ટ્રોલ ઓર્ડર (ડીવીસીઓ)૨૦૧૩ અંતર્ગત આનું નોટીફીકેશન જાહેર કર્યું છે. આ નવી કિંમતો ૩૫ અલગ અલગ ફોર્મ્યુલા પર લાગુ થશે.જેને મોટી દવા કંપનીઓ બનાવે છે અને વેચે છે.

જે દવાઓની કિંમત ઘટાડાઈ તેમાં દર્દ અને તાવની દવા એકલોકેન્સ, પેરાસીટામોલ અને ટ્રિટીસની ચાઈમોટ્રીટીસનની એક કોમ્બીનેશન ટેબલેટની કિંમત હવે ડો.રેડ્ડીઝ લેબોરેટરી માટે રૂા.૧૩ અને કેડીલા ફાર્માસ્યુટીકલ્સ માટે રૂા.૧૫.૦૧ હશે.હૃદયરોગની દવા એટોરવાસ્ટોટીન ૪૦ એમજી અને કલોપિતોગ્રેસ ૭૫ એમજીનાં કોમ્બીનેશન વાળી દવા હવે રૂા.૨૫.૬૧ દર ટેબલેટે મળશે.



ડાયાબીટીસની એમ્પાગ્લિફલોઝીન અને મેટફોર્મિત જેવા કોમ્બીનેશનની કિંમત રૂા.૧૬.૫૦ દર ટેબલેટ નકકી કરાઈ છે.વિટામીન ડી (કોલેકલેકેલ્સીફેરોલ) ના ટીપા અને ડાઈકોટોફેનેક ઈન્જેકશનની કિંમત રૂા.૩૧.૭૭ દર મીલીમીટર નકકી કરાઈ છે. આ દવાઓની કિંમત મોંઘી હોવાથી દર્દીઓની ફરિયાદોને પગલે આ દવાઓની કિંમત ઘટાડાઈ છે.

# હવે વાહનનો ટેકસ બાકી હશે તો મિલ્કત વેચવામાં તકલીફ પડશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં વાહનોની સંખ્યાનો આંકડો કરોડોમાં છે. રોડ પર દોડતાં વાહનના માલિકોએ સરકારને વાહન ટેક્સ ચુકવવાનો હોય છે. નોન ટ્રાન્સપોર્ટ વાહનની ખરીદી વખતે જ સરકારને આજીવન ટેક્સ ચુકવાતો હોય છે.

બસ, ટ્રક જેવા જે ટ્રાન્સપોર્ટ વાહન છે તેના માલિકોએ દર વર્ષે ત્રિમાસિક, છ માસિક એમ જુદા-જુદા સમયે વાહન ટેક્સ ચુકવવો પડતો હોય છે. આ ટેક્સ રેગ્યુલર ભરવાનો હોય છે. જો કે ઘણા વાહન માલિકો આ ટેક્સ ભરતા નથી. રાજયમાં ૧.૦૩ લાખ વાહનોનો ૭૧૬ કરોડનો ટેક્સ બાકી છે.





વાહન વ્યવહાર વિભાગના નિવૃત્ત સંયુક્ત નિયામક જે.એન.બારેવડિયાએ જણાવ્યું કે, મામલતદાર જમીન મહેસૂલના કાયદા હેઠળ વાહન માલિકને નોટિસ આપે છે. જેમાં જણાવે છે કે તમારા વાહનનો ટેક્સ બાકી છે તે ભરી દો નહીંતર તમારી મિલકત જપ્ત કરાશે. આમ છતાં જો વાહન માલિક ટેક્સ ન ભરે તો તેને નોટિસ આપીને તેનું વાહન જપ્ત કરવામાં આવે છે. વાહન જપ્ત કરાયા બાદ તેની હરાજી કરાય છે. તેમણે આગળ કહ્યું કે, જો તે વ્યક્તિએ વાહન વેચી દીધેલું હોય, ભંગારમાં આપી દીધું હોય અથવા તો વાહન ક્યાં છે તેની ખબર ન હોય તો વાહન માલિકની મિલકતો ટાંચમાં લેવાય છે.

તો તેની સ્થાવર તેમજ જંગમ મિલકતમાં રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ બોજો દાખલ કરાવવામાં આવે છે. ૭-૧૨માં આ બોજો દાખલ થયા પછી જો કોઈપણ માલિકને તે મિલકત વેચાણ કરવી હોય ત્યારે આ બોજો ન ભરપાઇ કરે ત્યાં સુધી તે મિલકત વેચી શકતાં નથી.

૧૯ હજાર મિલકત પર બોજો ગુજરાતની RTO કચેરીએ રાજ્યના ૧૯ હજાર મિલકતો પર રેવન્યુ રિકવરી સર્ટિફિકેટ બોજો દાખલ કરવાની પ્રક્રિયા હાથ ધરી છે. જો કે આ કેટલા સમયગાળામાં દાખલ કરાયો છે અને તેમાં ટેક્સની કેટલી રકમ બાકી છે તે આંકડો વાહન વ્યવહાર કમિશનર કચેરી પાસે ઉપલબ્ધ નથી.

આ પ્રક્રિયા બાદ ટેક્સની જે બાકી રકમ છે તેમાંથી અંદાજે ૧૦ કરોડ રૂપિયા વાહન માલિકોએ ભરી દીધા છે તેવું વાહન વ્યવહાર કમિશનર કચેરીના સૂત્રોએ જણાવ્યું છે.

# આરબીઆઈની મોનીટરી કમિટીની બેઠક શરૂઃ વ્યાજદરમાં વધુ ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો થવાની સંભાવના

**મુખ્ય સમાચાર, મુંબઈ**

આજથી શરૂ થયેલી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાની મોનેટરી કમીટીની બેઠકમાં તા.૬ ઓગષ્ટના રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગવર્નર શ્રી સંજય મલ્હોત્રા વ્યાજદર અંગે નિર્ણય જાહેર કરશે અને ફરી એક વખત વ્યાજદરમાં ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો થઈ શકે છે.

ખાસ કરીને રિઝર્વ બેન્કે સતત ત્રણ મોનેટરી બેઠકમાં જે રીતે ૧૦૦ બેઝીક પોઈન્ટનો ઘટાડો કર્યા પછી પણ બજારમાં ધિરાણની માંગ તેટલી વધી નથી અને બેન્કો પાસે લીકવીડીટી-પ્રવાહીતાની સ્થિતિ અત્યંત વધી છે.

બેન્કોને નાણા પાર્ક કરવાની પણ ચિંતા છે. થાપણોના દર ઘટાડયા બાદ પણ થાપણો આવી રહી છે અને હાલ જે રીતે ટેરીફનો મુદો છે અને ભારતીય વ્યાપાર-ઉદ્યોગને અમેરિકાના ઉંચા ટેરીફનો સામનો કરવો પડી રહ્યો છે તેથી તેઓ સરકાર પાસે રાહતની આશા રાખે છે.



હાલ રેપોરેટ ૫.૫% નોંધાયો છે અને રિઝર્વ બેન્ક તેમાં વધુ ૨૫ બેઝીક પોઈન્ટનો ઘટાડો કરી શકે છે. ખાસ કરીને પુરા વર્ષ માટે આગામી ખરીફ પાક મહત્વનો છે અને તહેવારોની લાંબી સીઝન-વેકેશન વિ. આવી રહ્યા છે જેનાથી વ્યાપાર-ધંધા વધશે.

સરકાર બેન્ક ધિરાણમાં વૃદ્ધિની આશા રાખે છે અને જો વ્યાજદર ઘટે તો બજારમાં નવા રોકાણ માટે પણ તક સર્જાશે. હાલમાંજ સરકારે તેના રિપોર્ટમાં જે રીતે છૂટક મોંઘવારી ઘટી છે તેથી વ્યાજદરમાં ઘટાડાની આશા દર્શાવી છે.

તો રિઝર્વ બેન્કના ગવર્નરે પણ હજું વધુ એક વ્યાજદર ઘટાડાની શકયતા દર્શાવી હતી. સરકાર માને છે કે લાંબાગાળા સુધી ધિરાણને વેગ આપવા માટે હાલ શ્રેષ્ઠ તક છે અને રોકાણ વધશે તો ટ્રમ્પ ટેરીફ સહિતના મુદે જે નકારાત્મક અસર છે તે દુર કરવામાં સફળતા મળશે.

# શિક્ષણથી વંચિત દીકરીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી શાળામાં પુનઃપ્રવેશ કરાવાયો




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય તથા ગુજરાત સરકારના મહિલા અને બાળ વિભાગ, ગાંધીનગર દ્વારા 'બેટી બચાવો બેટી પઢાવો' યોજના જાન્યુઆરી ૨૦૧૫થી કાર્યરત છે. કન્યા કેળવણીને જન આંદોલન બનાવવાના ઉદ્દેશ્ય સાથે શરૂ થયેલી આ યોજનાનો મુખ્ય ધ્યેય દીકરીઓના ઘટતા જન્મદરને અટકાવવા, શિક્ષણને પ્રોત્સાહન આપવું, અને તેમને સુરક્ષા પૂરી પાડવાનો છે.મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા સમાજમાં દીકરીઓની આર્થિક અને સામાજિક સ્થિતિ મજબૂત કરવા માટે જામનગર જિલ્લામાં ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વિમેન () યોજના કાર્યરત છે. આ યોજના અંતર્ગત, મહિલા અને બાળ અધિકારી કચેરી, જામનગર દ્વારા જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ ઝુંબેશના ભાગરૂપે, શાળાએ ન જતી કે અધવચ્ચે અભ્યાસ છોડી દેનાર દીકરીઓ અને તેમના વાલીઓ સાથે રૂબરૂ મુલાકાત કરી પુનઃપ્રવેશ માટે પરામર્શ કરવામાં આવે છે.આવા જ એક સફળ પ્રયાસના ભાગરૂપે, મહિલા અને બાળ અધિકારી ડૉ. પૂજા ડોડીયાના માર્ગદર્શન હેઠળ જવાહરનગરની એક આંગણવાડીમાં પુનઃપ્રવેશ અભિયાન ચલાવવામાં આવ્યું. DHEW સ્ટાફના ડિસ્ટ્રિક્ટ કોઓર્ડિનેટર બંસીબેન ખોડિયાર અને D.E.O. લાવણ્યાબેન પરમાર દ્વારા દીકરીઓ અને તેમના વાલીઓ સાથે સઘન પરામર્શ કરવામાં આવ્યો. આ પ્રયાસના પરિણામે, ત્રણ દીકરીઓએ શાળામાં પુનઃપ્રવેશ માટે સહમતિ દર્શાવી.

આ દીકરીઓ પૈકી, ઉમા અને પવિત્રા મોદલિયાની માતા માધુરીબેન અને તેમની ત્રણ દીકરીઓને પિતા દ્વારા તરછોડવામાં આવ્યા હતા. માતા ઘરકામ કરી ગુજરાન ચલાવે છે અને પિતાએ તેમને ક્યારેય અભ્યાસ કરવા દીધી ન હતી. DHEW સ્ટાફે તેમના જન્મના પ્રમાણપત્રોના આધારે તેમને નજીકની શાળા નં. ૪૦ માં પ્રવેશ અપાવ્યો.બીજી દીકરી, ઉમેરા બંદરીના માતા-પિતા, નસીમ અને સલીમ, દીકરી હોવાના કારણે તેને ભણાવવા માંગતા ન હતા. પરંતુ, ડૉ. પૂજા ડોડીયાના સતત માર્ગદર્શન અને DHEW સ્ટાફની વારંવારની મુલાકાત અને સમજાવટ બાદ, વાલીઓએ દીકરીના અભ્યાસનું મહત્વ સમજ્યું અને ઉમેરાને શાળા નં. ૨૯ માં પ્રવેશ અપાવ્યો.આ સફળતા પાછળ મહિલા અને બાળ અધિકારીના સૂચનો, DHEW યોજનાના સ્ટાફ, જવાહરનગરના આંગણવાડી કાર્યકર બહેન, શાળા નં. ૨૯ અને ૪૦ના પ્રિન્સિપાલ, અને ની મદદ સહિત અનેક પરિબળોએ મહત્વનો ભાગ ભજવ્યો છે, જેના થકી આ દીકરીઓના ઉજ્જ્વળ ભવિષ્યનું નિર્માણ થઈ રહ્યું છે.આ દીકરીઓને જિલ્લા કલેક્ટર કેતન ઠક્કરે શૈક્ષણિક કીટ અર્પણ કરી શાળામાં પુનઃપ્રવેશ કરાવ્યો હતો.સાથે જ નબળી આર્થિક સ્થિતિ ધરાવતી દીકરીઓને કલેક્ટરએ સ્વ ખર્ચે યુનિફોર્મ, પુસ્તક, સ્કૂલબેગ સહિતનો ખર્ચ ઉઠાવવાની પણ જાહેરાત કરી હતી.તેમજ ઉપસ્થિત મહિલા અને બાળ અધિકારીની કચેરીના કર્મીઓને જિલ્લાની વધુમાં વધુ જરૂરિયાતમંદ મહિલાઓને સખી મંડળના લાભો, સરકારી સહાય તેમજ યોજનાકીય લાભો મળી રહે તે માટે સૂચન કર્યું હતું.અને તાલુકા તથા ગ્રામ્ય કક્ષાએ આ માટેના ખાસ કેમ્પનું આયોજન કરી વધુમાં વધુ લાભો મળતા થાય તે માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ઉનાના દેલવાડા ગામે ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે માનવ સેવા કાર્યાલયનો શુભારંભ કરવામાં આવ્યો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

દેલવાડા તથા આજુબાજુના ગામડાઓના નાગરિકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને વિવિધ સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવા માટે દેલવાડા ગામે ઉનાના ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડના હસ્તે માનવ સેવા કાર્યાલયનું" શુભારંભ કરવામાં આવ્યું.

ઉના તાલુકાના દેલવાડા ગામે ઉના તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયાએ દેલવાડા તથા આજુબાજુના વિસ્તારના ગામડાઓની તેમજ લોકોની સેવા અને મદદ માટે સમર્પિત ભાવનાથી લોકોની સમસ્યાઓનું નિરાકરણ લાવવા અને વિવિધ સરકારી યોજનાઓના લાભ નાગરિકોને સરળતાથી મળી રહે અને સામાજીક સેવાના હેતુથી ઉનાના માનનીય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ (કે.સી.રાઠોડ) ની પ્રેરણાથી આજરોજ દેલવાડા SBI બેંકની સામે "માનવ સેવા" કાર્યાલયનું શુભારંભ કરવામાં આવ્યું. આ કાર્યાલયનું શુભારંભ ઉનાના લોકપ્રિય ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે રીબીન કાપી અને માનવ સેવા કાર્યાલયને ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આ પ્રસંગે જીલ્લા



ભાજપ ઉપપ્રમુખ રાજુભાઈ ડાભી, ઉના તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, ઉના તાલુકા પંચાયતના પ્રમુખ એભાભાઈ મકવાણા, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, સામતભાઈ ચારણીયા, જીલ્લા પંચાયતના સદસ્યશ્રી રૂડાભાઈ શિંગડ, જીલ્લા પંચાયતના સદસ્યના પ્રતિનિધિ બાબુભાઈ બાંભણીયા, તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન મોહનભાઈ વાજા, તાલુકા પંચાયતના સદસ્ય દેવશીભાઈ મકવાણા, દેલવાડા ગામના આગેવાન ચનુભાઈ બાંભણીયા, રાહુલભાઈ બાંભણીયા, મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ વડીલો યુવાનો ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનામાં વય વંદના કાર્ડ રજીસ્ટ્રેશન તથા વિતરણ કેમ્પનુ યોજાયો



**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

આજરોજ ઉના શહેરમાં આવેલ વોર્ડ નં.૭માં આવતા વિસ્તાર કોળીવાડા, કુંભારવાડા, ચંદ્રકીરણ સોસાયટી, વડલા શેરી, જૈન દેરાસર તથા ચાર થાંભલા આ વિસ્તારના ૭૦ વર્ષની ઉપરના વડીલો તથા સરકારશ્રી એન.એસ.એફ વંદના કાર્ડ રજીસ્ટ્રેશન તથા વિતરણ નો એક કેમ્પ મોટા કોળીવાડા વિસ્તારમાં આવેલ કોળીવાડાના ચોરામાં યોજાયો હતો.ઉનાના કાર્યશીલ ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ દ્વારા થયેલ આ પ્રસંશનીય કામગીરીમાં આ વિસ્તારના ૫૦ થી વધુ લાભાર્થીઓને કાર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ ૬૫ થી વધુ કાર્ડનું રજીસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ઉનાના માનનીય ધારાસભ્ય ધારાસભ્યશ્રી કાળુભાઈ રાઠોડ, જીલ્લા ભાજપના ઉપાધ્યક્ષ રાજુભાઈ ડાભી, નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, નગરપાલિકાના ઉપપ્રમુખના પ્રતિનિધિ મયંકભાઈ જોશી, ઉના નગરપાલિકાના કારોબારી ચેરમેન ધીરુભાઈ છગ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, નગરપાલિકાના સદસ્ય અલ્પેશભાઈ બાંભણીયા, શહેર ભાજપ મહામંત્રી કિરીટભાઈ વાજા તેમજ આરોગ્ય વિભાગનો સ્ટાફ, અર્બન હેલ્થ સેન્ટરનો સ્ટાફ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને લોક પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે પદાધિકારી-અધિકારીઓની સંયુક્ત બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ, અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી મુળુભાઈ બેરાના અધ્યક્ષ સ્થાને કલેક્ટર કચેરીના સભાખંડમાં જામનગર તાલુકા, જિલ્લા તથા નગરપાલિકાઓના વિકાસ કાર્યો તથા લોક પ્રશ્નોના ઝડપી નિરાકરણ માટે પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓની સંયુક્ત બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં પદાધિકારીઓ દ્વારા વીજ કનેક્શન, જમીન માપણી, આધારકાર્ડ, રાશનકાર્ડ, આવકના દાખલા, રોડ તથા બ્રિજના કામો, આરોગ્ય કેન્દ્રમાં ખાલી જગ્યાઓ ભરવા, સિંચાઈ યોજનાના કામો, ચેકડેમ રીપેર કરવા, સૌની યોજના




હેઠળ પાઈપલાઈન લંબાવવા, એસટી બસના રૂટ ફાળવવા, પીવાના પાણીની લાઈન નાખવા અને એમ્બ્યુલન્સ સુવિધા સહિતના પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા હતા. મંત્રીએ આ તમામ પ્રશ્નો અંગે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે ચર્ચા કરી અને તેના સત્વરે નિરાકરણ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.મંત્રીએ જણાવ્યું હતું કે લોકોની મુશ્કેલીઓ દૂર કરવા તેમજ પ્રશ્નોનું ઝડપી નિરાકરણ લાવવા આ સંયુક્ત બેઠકનું આયોજન કરાયું છે.તેમણે ઉપસ્થિત અધિકારીઓ તથા પદાધિકારીઓને 'ટીમ જામનગર' તરીકે લોકોના પ્રશ્નોના નિવારણ માટે સકારાત્મક અભિગમ દાખવવાની સાથે આરોગ્ય અને રોડ-રસ્તા અંગે આગોતરું આયોજન કરી લોકોને સુખાકારીમાં વધારો થાય તે પ્રકારે કામગીરી હાથ ધરવા ભારપૂર્વક જણાવ્યું હતું.સાથે જ પ્રભારી મંત્રીએ ઓપરેશન સિંદૂર, મોકડ્રિલ, તથા વિવિધ કુદરતી આપદા સમયે જિલ્લા વહીવટી તંત્ર જામનગરની તૈયારીઓ અંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા વ્યક્ત કરાયેલ સંતોષ અંગેની માહિતી આપી સમગ્ર તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.વધુમાં, મંત્રીએ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા, વધુમાં વધુ વૃક્ષારોપણ કરવા, સ્વચ્છતા જાળવવા અને આવનારી પેઢીના સુરક્ષિત ભવિષ્ય માટે પર્યાવરણનું જતન કરવા પણ ઉપસ્થિત સૌને અપીલ કરી હતી.આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ મેયબેન ગરસર, જિલ્લા કલેક્ટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુ, અગ્રણી ડૉ. વિનુભાઈ ભંડેરી, નગરપાલિકા તથા તાલુકા પંચાયતના પ્રમુખો, જિલ્લા તથા તાલુકા પંચાયતના સદસ્યો, અગ્રણીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર પતિના ત્રાસથી કંટાળી ઘર છોડી ચાલ્યા ગયેલ મહિલાનું પરિવાર સાથે સુખદ મિલન કરાવતી ૧૮૧ અભયમની ટીમ




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન મહિલાઓ માટે ખરા અર્થમાં આશીર્વાદરૂપ સમાન છે. જામનગર ખાતે કાર્યરત ૧૮૧ હેલ્પલાઈન પર ફોન કરીને એક જાગૃત નાગરિકે જણાવેલ કે કોઈ મહિલા વહેલી સવારે ૫૦૦ વાગ્યાથી ઓટલા પર ગભરાયેલી હાલતમાં બેઠા છે અને મદદની જરૂર છે. કોલ આવતાની સાથે જ જામનગર ૧૮૧ ટીમના કાઉન્સેલર રીનાબેન દિહોરા, હેડ કોસ્ટેબલ ગીતાબેન ધારવીયા તેમજ પાયલોટ સુરજીતસિંહ વાઘેલા સહિતની ટીમ ઘટના સ્થળ પર પહોચી હતી.મહિલાનું કાઉન્સેલિંગ કર્યા બાદ જાણવા મળેલ કે, પોતાના પતિ સાથે ઝઘડો થતાં તેણીએ બે દિવસથી ઘર છોડી દીધું છે. અને અંતરિયાળ વિસ્તારમાં રહે છે. તેમના પતિ વારંવાર પિયર જતા રહેવા જણાવે છે અને હાલ તેઓને પિયર ન જવું હોવાથી ઘરેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ છે. બાદમાં અભયમની ટીમ દ્વારા મહિલાને સાંત્વના પાઠવી એડ્રેસ અને મોબાઈલ નંબર મેળવ્યા હતા. અને સાસરિયામાં જઈ તેના પતિ પતિનું કાઉન્સેલિંગ કરી કાયદાકીય સમજણ આપી હતી. બાદમાં તે મહિલાને ખોટી ધમકી કે ઘરની બહાર નીકળી જવા મજબૂર નહી કરે તેવી બાંહેધરી સાથે સુખદ જીવનની શરૂઆત કરવા સહમત થતા અભયમની ટીમે તેણીનું પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

# કાથરોટા માધ્યમિક શાળામાં નિવૃત્ત આયુર્વેદિક કર્મચારી ભાવનાબેનનું પ્રેરણાદાયી વક્તવ્ય



**મુખ્ય સમાચાર, ઉપલેટા**

કાથરોટા માધ્યમિક શાળાએ આજે એક યાદગાર અને પ્રેરણાદાયી સમારોહનો અનુભવ કર્યો, જેમાં શાળાના આયુર્વેદ વિભાગના નિવૃત્ત કર્મચારી અને ગણિત-વિજ્ઞાન રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા શિક્ષક શ્રી બલદેવપરી સાહેબનાં પત્ની શ્રીમતી ભાવનાબેન પરીનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું. ૨૮ વર્ષની ઉત્કૃષ્ટ સેવા પછી નિવૃત્ત થયેલ ભાવનાબેને શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સ્ટાફ સભ્યો સાથે જીવનના અમૂલ્ય સિદ્ધાંતો શેર કર્યા.

શાળાના આચાર્ય દીપક ઓરીયા,શિક્ષકગણ જગદીશભાઈ ડાંગર, દીપ્તિબેન ભટ્ટ, ક્લાર્ક હિતેશભાઈ ડોબરીયા અને શીતલભાઈ ગોસ્વામીએ ભાવનાબેનનું પુષ્પવૃષ્ટિ અને સ્મૃતિચિહ્નો ભેટ આપીને ભાવભર્યું સ્વાગત કર્યું. શાળા તરફથી તેમને પુસ્તકની ભેટ અર્પણ કરી નિવૃત્તિની હાર્દિક શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી.

ભાવનાબેને વિદ્યાર્થીઓ સાથે ૩૦ મિનિટના સંવાદમાં આયુર્વેદના મૂળભૂત સિદ્ધાંતો,નિયમિત જીવનશૈલીની આવશ્યકતા પ્રભાતે વહેલા ઉઠવાના લાભ અને સ્વસ્થ શારીરિક-માનસિક જીવનનું મહત્ત્વ જેવા વિષયો પર સરળ અને માર્મિક ચર્ચા કરી. તેમની પ્રભાવી વાણીએ વિદ્યાર્થીઓને એટલા બધા પ્રભાવિત કર્યા કે તેઓએ વહેલી સવારે ઉઠવાનો આરોગ્યપ્રદ આદતો અપનાવવાનો અને જીવનશૈલીમાં સકારાત્મક બદલાવ લાવવાનો સંકલ્પ લીધો.

વિદ્યાર્થીઓએ ભક્તિગીતો ગાઈને ભાવનાબેનનું હૃદયસ્પર્શી સન્માન કર્યું. આચાર્ય ઓરીયાએ જણાવ્યું કે, "આવા પ્રેરણાદાયી કાર્યક્રમો શાળાની સંસ્કારમય પરંપરાને મૂર્ત સ્વરૂપ આપે છે અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ગતિ આપે છે." શિક્ષક ડાંગરે પણ ભાવનાબેનના અનુભવજન્ય માર્ગદર્શનને "અનમોલ" ગણાવ્યું.

સમગ્ર કાર્યક્રમ સુચારુ અને હૃદયસ્પર્શી રીતે આયોજિત થયો, જેમાં શાળાએ પોતાની સાંસ્કૃતિક ઘડતર અને માણસાઈના આદર્શોનો પરિચય આપ્યો. ભાવનાબેનની શાંત અને જ્ઞાનવર્ધક ઉપસ્થિતિએ કાર્યક્રમને વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે જીવનપથના માર્ગદર્શક તરીકે ઉપસાવ્યો. આ ઐતિહાસિક ઘટના શાળાના ઇતિહાસમાં સોનેરી અક્ષરે અંકિત થઈ ગઈ છે.

# પત્નીની છેડતી કર્યાની શંકાએ યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા

## મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં રાત્રીના બનાવઃ પોલીસ દ્વારા બે શખસોને ઉઠાવી લેવાયા, કરાઇ પુછતાછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ગોરીયસ સોસાયટીમાં રહેતા રીક્ષા ચાલક યુવાનની છરીના ઘા ઝીંકી હત્યા થતા મેટોડા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ તપાસ કરતા તેના જ મકાનમાં રહેતા શખસે પત્નીની છેડતી કર્યાની શંકાએ હત્યા કર્યાનુ પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસ મહિલાના પતિ સહિત બે શખસોને ઉઠાવી લઈ તેની આકરી પુછપરછ કરી છે.

આ અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં ગોરીયસ સોસાયટીમાં રહેતા દિપકસિંહ પ્રવિણસિંહ ગોહિલ (ઉ.વ.૩૫) નામના યુવાનની તેના ઘર પાસે છરીના ઘા ઝીંકી અજાણ્યા શખસોએ હત્યા કર્યાની જાણ થતા મેટોડા પોલીસ મથકના પીઆઈ શર્મા સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડી મૃતક પરિવારજનોને બોલાવી ગુનો નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસની પ્રાથમીક તપાસમાં હત્યાનો ભોગ બનનાર દિપકસિંહ ગોહિલ મુળ ભાવનગરના સોહલા ગામના હાલ છેલ્લા આઠેક વર્ષથી મેટોડામાં ભાડે મકાનમાં રહેતા અને રીક્ષા ચલાવતા હોવાનું બહાર આવ્યું છે. પોલીસની વિશેષ તપાસમાં ગોરીયસ સોસાયટીમાં રહેતા ભાડાના મકાનમાં રહેતા દિપકસિંહ તેમજ તે જ મકાનમાં રહેતા હાર્દિક મહિડા નામનો શખસ પણ રહેતો હોય, અવાર નવાર દિપકસિંહ ચડી પહેરી હાર્દિકની પત્ની સામે જોતા હોય જે અંગે અવાર નવાર હાર્દીક સાથે ઝઘડો થતો હોય તે બાબતે હાર્દિકની પત્નીની શંકા કરતો હોવાનો ખાર રાખી છરીના ઘા ઝીંકી હત્યા કર્યાનુ. પ્રાથમીક તપાસમાં બહાર આવતા પોલીસે હાર્દિક સહિત બે શખસોને ઉઠાવી લઈ વિશેષ પુછપરછ હાથ ધરી છે

# જામકંડોરણા મુકામે ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના હસ્તે આંગણવાડી બિલ્ડીંગનુ લોકાર્પણ કરવામાં આવ્યું

જામકંડોરણા શહેરના બાલધા પ્લોટ વિસ્તાર ખાતે ૧૫ મા નાણાપંચની તાલુકા કક્ષાની ગ્રાન્ટમાંથી નિર્માણ પામેલ આંગણવાડી (નંદ ઘર)નુ લોકાર્પણ સાક્ષાત માતાજી સ્વરૂપ બાલીકાઓના પગલા પાડીને કરાવતા યુવા ધારાસભ્ય જયેશ રાદડિયા




**મુખ્ય સમાચાર, ઉપલેટા**

જામકંડોરણા મુકામે ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના હસ્તે આંગણવાડી બિલ્ડીંગનુ લોકાર્પણ કરવામાં આવ્યું. રાજકોટ જિલ્લાના જામકંડોરણા મુકામે ધારાસભ્ય જયેશભાઈ રાદડીયાના હસ્તે નવનિર્માણ પામેલ આંગણવાડી કેન્દ્ર ની બિલ્ડીંગ નું લોકાર્પણ કરવામાં આવ્યું.

આ તકે મહિલા અને બાળ કલ્યાણ જિલ્લા પંચાયત ના ચેરમેન કંચન બેન બગડા, જિલ્લા પંચાયત તાલુકા પંચાયત ના સભ્ય હરસુખભાઈ પાનસૂરિયા,કરણસિંહ જાડેજા ,ચંદુભા ચ ૌ હ ા ણ , અ શ ો ક શ ી હ વઘેલા,ગોતમભાઈ , તાલુકા પંચાયત પમુખ પ્રતિનિધિ સુરેશભાઈ સામાજિક ન્યાય સમિતિ ચેરમેન પ્રિતિનિધિ ચંદુભાઈ મકવાણા ગામના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા અને ઈન્ચાર્જ બાળ વિકાસ યોજના અધિકારી સોનલ બેન વાળા અને મુખ્યસેવીકા મધવીબેન કવિ, જોશનાબેન,વિજયાબેન,પીએસસી વાંદનાબેન, એનએનએમ નિલેશભાઈ,આંકડા મદદનીશ કિરણ બેન,મુકેશભાઈ મઢવી, વિપુલભાઈ તમામ સ્ટાફ તેમજ ધોલીધાર સેજા ના આંગણવાડી કાર્યકર અને હેલ્પર દ્વારા આ લોકાર્પણ માટે તમામ આયોજન કરવામાં આવ્યું હતું.

# સૌરાષ્ટ્ર યુનિ.માં પીએચડીની એન્ટ્રન્સ એકઝામ લેવાની માંગ સાથે એનએસયુઆઇનો હલ્લાબોલ




તસ્વીર : ગૌરવ લશ્કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પીએચડી એન્ટ્રન્સ એક્ઝામ લેવાની માંગ સાથે આજે વિદ્યાર્થીઓને સાથે રાખી એનએસયુઆઇના કાર્યકરોએ હલ્લાબોલ કરી આવેદન પત્ર આપ્યું હતું તેમાં જણાવવામાં આવ્યું હતું કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં છેલ્લા ઘણા મહિનાથી વિદ્યાર્થી હિતનો કાર્યક્રમ કરવામાં કુલપતિને કોઈ રસ નથી જ્યારે જ્યારે માત્રને માત્ર RSS અને ભાજપને કઈ રીતના ફાયદો થાય તે માટેના કાર્યક્રમો અવારનવાર કુલપતિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કરી રહ્યા છે આમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીને રાજકીય અખાડો બનાવવાનું કામ કુલપતિ દ્વારા થઇ રહ્યું છે. તેવો આક્ષેપ એનએસયુઆઇએ કર્યો હતો.

# ઉમિયા મોબાઈલ લિ.ના આઇપીઓની ધમાકેદાર એન્ટ્રીઃ રાજકોટમાં થયું શાનદાર લિસ્ટિંગ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોબાઈલ ક્ષેત્રે અવલ નામ ધરાવતી રાજકોટની ઉમિયા મોબાઈલ લિમિટેડ મૂડી બજારમાં પ્રવેશ કરવાની જાહેરાત કર્યા બાદ કંપની અને પ્રમોટર દ્વારા આઈપીઓ લોન્ચ કરવામાં આવ્યો હતો.

૬૬ રૂપિયાના રિટેલ પ્રાઇસ સાથે મૂડી બજારમાં પ્રવેશ કરનારી ઉમિયા મોબાઈલ લિમિટેડ કંપનીનો આજે કંપનીના માલિકો, સમાજ અગ્રણીઓ તેમજ બોમ્બે સ્ટોક એક્સચેન્જના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં રાજકોટ ખાતે શાનદાર લિસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ઉમિયા મોબાઈલ લિમિટેડના આઇપીઓ નું શાનદાર લીસ્ટીંગ થતાં જ ઉપસ્થિત તમામ આમંત્રિત લોકોએ આઇપીઓ લિસ્ટિંગને તાળીઓના ગડગડાટ થી વધાવી લીયુ હતું.

ઉમિયા મોબાઇલ લિમિટેડના માલિકો તેમજ પ્રમોટરો આ પ્રસંગે જણાવ્યું હતું કે અમારા માટે આ બહુ મોટી વાત છે કે અમારી કંપનીએ સફળતાપૂર્વક મૂડી બજારમાં પ્રવેશ કર્યો છે. છેલ્લા ૨૦ વર્ષથી કંપનીએ જે ઉતરોતર પ્રગતિ કરી હતી તેના પરિણામ સ્વરૂપે અમોએ આ વર્ષે મૂડી બજારમાં પ્રવેશ કર્યો છે અને આજે શાનદાર લિસ્ટિંગ થતાં અમારા માટે આ ઘડી ગૌરવ રૂપ ઘડી બની રહી છે.

કંપની વિશે વાતચીત કરતા ઉમિયા મોબાઈલ લિમિટેડના બંટી ભાઈ પટેલે જણાવ્યું હતું કે ૨૦૦૫ માં સ્થાપિત થઇ અને ૨૦૧૨ માં ઉમિયા મોબાઈલ પ્રાઈવેટ લિમિટેડ કંપની બનાવી, મોબાઈલ સ્માર્ટફોન મોબાઈલ એસેસરીઝ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ આઇટમોમાં વિશેષતા ધરાવતી અગ્રણી મલ્ટી બ્રાન્ડ રિટેલ કંપની છે ઉમિયા મોબાઈલ લિમિટેડ apple samsung oppo vivo motorola realme અને google pixel સહિત વૈશ્વિક બ્રાન્ચના ઉત્પાદનોની વિશાળ શ્રેણીનું છૂટક વેચાણ કરે છે તેના ઇલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં સોની LG, panasonic અને ગોદરેજ જેવી બ્રાન્ડ ના સ્માર્ટ ટીવી એર કન્ડિશન્ડ, રેફ્રિજરેટર અને કુલર નો સમાવેશ થાય છે. કંપની નિર્ધારિત બ્રાન્ડ ભાગીદારી માપદંડો હેઠળ નાના વિક્રેતાઓ માટે ઉમિયા માય ફોન અને ફોન પ્લસ જેવા ઇન




તસ્વીર : ગૌરવ લશ્કરી

હાઉસ લેબલનો પણ પ્રચાર કરે છે.

કંપની વિશે વાત કરીએ તો ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીમાં કંપની દ્વારા ગુજરાત અને મહારાષ્ટ્રમાં ૨૧૯ સ્ટોર ચલાવવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં એક સ્ટોર, પશ્ચિમ ભારતમાં ઉમિયા મોબાઈલની મજબૂતી એ જ દર્શાવે છે. ઉમિયા મોબાઈલ લિમિટેડનો આઇપીઓ ૨૮ તારીખે ખુલ્યો હતો અને ૩૦ જુલાઈના બંધ થયો હતો ૨૪.૮૮ કરોડના આઈપીઓ માં કુલ ૩૭,૭૦,૦૦૦ શેર વેચાણ માટે ઓફર કરવામાં આવ્યા હતા. જેમાં ન્યૂનતમ બોલી ૪,૦૦૦ શેર માટે ૨,૬૪,૦૦૦ રાખવામાં આવી હતી.

કંપની છેલ્લા દસ વર્ષથી ઉતરોતર પ્રગતિ કરતી આવે છે. ૨૦૨૩ ના નાણાકીય વર્ષની સરખામણીમાં ૨૦૨૪ અને ૨૦૨૫ ના વર્ષમાં પણ કંપનીએ શાનદાર માઇલ સ્ટોન એચિવ કર્યા છે.

કંપનીના પ્રમોટર તરીકે કિશોરભાઈ પ્રેમજીભાઈ જાદવાણી, ગીરીશભાઈ પ્રેમજીભાઈ જાદવાણી અને વિજેશ પ્રેમજીભાઈ પટેલ સામેલ છે.

# રાજકોટમાં તા. ૬ ઓગસ્ટના રોજ યોજાનારી સંસ્કૃત ગૌરવ યાત્રા

### વિવિધ ટેબ્લો, ઋષિમુનિઓની વેશભૂષા સાથે બાળકો, સંસ્કૃત રાસ-ગરબા અને ગીતોની પ્રસ્તુતિ કરશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત શિક્ષણને મહત્વ પ્રદાન કરવા તમામ શાળાઓ (પ્રાથમિક, માધ્યમિક, ગ્રાન્ટેડ, ખાનગી) મહાવિદ્યાલયો, જન સામાન્યમાં સંસ્કૃત ભાષાનું ગૌરવ, સંરક્ષણ, સંવર્ધન થાય તેવા હેતુ સાથે ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા પ્રેરિત અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત ભવ્ય સંસ્કૃત ગૌરવ યાત્રા કલેકટર ડો. ઓમ પ્રકાશની અધ્યક્ષતામાં તા. ૬ ઓગસ્ટના રોજ સવારે ૮ કલાકે ન્યુ એરા સ્કૂલ, રૈયા રોડથી નીકળી અને જિલ્લા પંચાયત ચોક સુધી પ્રસ્થાન કરશે.

વિવિધ શાળા-મહાશાળાઓ દ્વારા સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર થાય તેવા ટેબ્લો, વિવિધ ઋષિમુનિઓની વેશભૂષા સાથે બાળકો, સંસ્કૃત રાસ-ગરબા અને ગીતોની પ્રસ્તુતિ સાથે યાત્રા આગળ વધશે. (૧) સંસ્કૃતનું વૈજ્ઞાનિક મહત્વ (સાયન્સ ઇન સંસ્કૃત) (૨) સંસ્કૃત ભાષાની ઉત્પત્તિ અને માહેશ્વર સૂત્રો (૩) પ્રાચીન ભારતની ધરોહર વલ્લભી વિદ્યાપીઠ (૪) સંસ્કૃતમાં રચાયેલ સાહિત્ય વગેરે વિષયો પર ટેબ્લો રજૂ થશે. યાત્રા દરમિયાન સંસ્કૃત ગુરુકુળના વિદ્યાર્થીઓ વેદ જ્ઞાન મંત્રોચ્ચાર સાથે રજૂ કરશે. સમગ્ર યાત્રામાં જોડાવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નાગરિકોને અપીલ કરવામાં આવી છે.

યાત્રાના સ્થળે ન્યુ એરા સ્કૂલમાં ૬ ઓગસ્ટે સંસ્કૃત ભારતીના સહયોગથી સંસ્કૃત પ્રદર્શન, સંસ્કૃત ગ્રંથ પ્રદર્શન અને વિવિધ ચિત્રાત્મક રજૂઆતો કરવામાં આવશે. તેમજ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ધોરણ ૬ થી ૮ અને ૯ થી ૧૨ માટે વિવિધ સ્પર્ધાઓ જેવી કે સંસ્કૃત શ્લોક ગાન સ્પર્ધા, સ્તોત્ર ગાન સ્પર્ધા, વકૃતત્વ સ્પર્ધા વગેરેનું આયોજન કરવામાં આવશે. શહેર કક્ષાની સ્પર્ધા તા. ૫ ઓગસ્ટે જી.કે. ધોળકિયા સ્કૂલ, પંચાયત ચોક મુકામે સવારે ૯ કલાકે રાખવામાં આવેલ છે. સંસ્કૃત સપ્તાહ દરમિયાન તા.૬ઓગસ્ટે સંસ્કૃત ગૌરવ યાત્રા અને તા. ૭ ઓગસ્ટે સંસ્કૃત સંભાષણ દિન અને તા. ૮ ઓગસ્ટે સંસ્કૃત સાહિત્ય દિનની ઉજવણી કરવામાં આવશે.

સમગ્ર યાત્રાનો હેતુ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત સંસ્કૃત ભાષાને મુખ્ય ધારામાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સુધી અનિવાર્યરૂપે સામેલ કરવાનો છે. ગુજરાત સરકાર અને સંસ્કૃત બોર્ડ દ્વારા યોજના પંચકમનો લાભ વિદ્યાર્થીઓ અને ઘર-ઘર સુધી સંદેશો પહોંચે તે હેતુસર આ યાત્રા યોજાશે. યોજના પંચકમની મુખ્ય બાબતો નીચે મુજબ છે.

૧. સંસ્કૃત સપ્તાહ ઉત્સવ યોજના રાજ્યભરમાં ઉત્સાહપૂર્વક સંસ્કૃત સપ્તાહ અને રક્ષાબંધનનો દિવસ સંસ્કૃત દિવસ તરીકે ઉજવવાની પહેલ., ૨. સંસ્કૃત સંવર્ધન સહાયતા યોજના વિવિધ સંસ્કૃત કાર્યક્રમ માટે સંસ્થાઓ સંશોધકો અને શિક્ષકોને સંસ્કૃતના પ્રચાર માટે નાણાકીય સહાય., ૩. સંસ્કૃત પ્રોત્સાહન યોજના માધ્યમિક કક્ષાએ સંસ્કૃત માટે વિદ્યાર્થી શિક્ષક અને શાળાઓને પ્રોત્સાહન., ૪. શ્રીમદ્? ભગવદ ગીતા યોજના શ્રીમદ ભગવત ગીતા ગ્રંથથી બાળકો-વૃદ્ધ સૌ જીવન જીવવાની સાચી દિશા પર ચિંતન કરતા થાય અને ગીતા કંઠસ્થ કરવા માટે પ્રોત્સાહન., ૫. શતમ સુભાષિત કંઠપાઠ યોજના નૈતિક મૂલ્યોના સિંચન માટે ૧૦૦ સુભાષિતો કંઠસ્થ કરવા માટે સૌને પ્રોત્સાહન.

# કુવાડવામાં જમીન મકાનના ધંધાર્થીએ જમીન અને વ્યાજ મુદ્દે ત્રણ શખ્સોના ત્રાસથી વખ ઘોળ્યું

### ક્રાઈમ બ્રાન્ચના અધિકારી સહિતની ટીમ એકાદ માસથી ટોર્ચર કરતી હોવાથી પગલુ ભર્યાનો આરોપ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા ગામે રહેતા જમીન મકાનના ધંધાર્થીએ જમીન અને વ્યાજ મુદ્દે ત્રણ શખ્સોના ત્રાસ અને ધમકીથી કંટાળી ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. ક્રાઈમ બ્રાંચના અધિકારી સહિતની ટીમ છેલ્લા એકાદ માસથી ટોર્ચર કરતી હોવાનો સનસનીખેજ આક્ષેપ કરવામાં આવ્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર આધેડને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.



આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ રાજકોટ નજીક આવેલા કુવાડવા ગામે રહેતા અને પશુપાલન તેમજ જમીન મકાનના વ્યવસાય સાથે સંકળાયેલા મુકેશભાઈ કાનાભાઈ માલણ નામના ૫૦ વર્ષના આધેડે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. મુકેશભાઈ માલણને તાત્કાલીક સારવાર માટે કુવાડવા ખાતે આવેલી ખાનગી હોસિસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટના અંગે જાણ થતાં રાજકોટ કુવાડવા રોડ પોલીસ મથકની ટીમ તાત્કાલીક ખાનગી હોસ્પિટલ ખાતે દોડી ગઈ હતી.

પ્રાથમિક પુછપરછમાં હોસિસ્પિટલના બિછાને સારવાર લઈ રહેલા મુકેશભાઈ માલણે મીડિયા સમક્ષ આપેલા નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. જેમાં જમીન અને વ્યાજ મુદ્દે મુનાભાઈ, ગૌરવભાઈ અને નંદાભાઈ ધાક ધમકી આપે છે અને તેમની પાસે તેમની બે-ત્રણ વાડી પડી છે રૂ. ૨.૮૦ કરોડનો હવાલો લઈ ત્રાસ આપે છે. અને આ અંગે ક્રાઈમ બ્રાંચમાં અરજી કરવામાં આવી હતી. જે અરજીના કામે કાઈમ બ્રાંચના પીએસઆઈ સહિતના પોલીસ કર્મીઓ છેલ્લા એકાદ માસથી ટોર્ચર કરતા હોવાથી પગલુ ભર્યું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આપઘાતનો પ્રયાસ કરનાર મુકેશભાઈ માલણે વીડિયો અને આપેલી માહિતી આધારે કરાયેલા આક્ષેપોના પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ખામટા પ્રાથમિક શાળામાં નિઃશુલ્ક સુવર્ણપ્રાશનના કેમ્પનું આયોજન કરાયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાની ખામટા પ્રાથમિક શાળામાં શાળાના શિક્ષિકા કૃતિબેન દાનસિંગભાઇ ડોડિયાના પ્રયત્નો અને સહકારથી સંસ્કૃતિ આર્ય ગુરુકુલમ દ્વારા મંત્રોષધિ સુવર્ણ પ્રાશનના નિઃશુલ્ક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ માસના પ્રારંભે જ પુષ્ય નક્ષત્ર હોવાથી બાળકોને સુવર્ણ પ્રાશનના ટીપા ટીપડાવી બાળકોનો શારીરિક-માનસિક રૂપથી વિકાસ થાય, બાળકો તેજસ્વી તેજસ્વી અને ચતુર બને, યાદશક્તિ અને એકાગ્રતા વધે, રોગ પ્રતિકારક શક્તિ વધે તેવા તે માટે માત્ર સેવાના ભાવથી નવી પહેલ કરવા બદલ શાળા પરિવારે કૃતિબેન ડોડિયાને અભિનંદન પાઠવ્યા હતાં. આ કેમ્પ હવે દરેક પુષ્ય નક્ષત્રમાં રાખવામાં આવશે.



# રાજકોટમાં વિદ્યાર્થિનીઓને સુરક્ષા અને અધિકારો અંગે માર્ગદર્શન આપતી અભયમ્ ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકાર દ્વારા નારી સશક્તિકરણને પ્રોત્સાહન આપવાના હેતુસર 'નારી વંદન ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે બીજા દિવસે 'બેટી બચાઓ, બેટી પઢાઓ'ની થીમને ધ્યાને લઈને રાજકોટ શહેરમાં આવેલી જી.ટી. શેઠ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે અભયમ્ ટીમે વિદ્યાર્થિનીઓને સુરક્ષા અને અધિકારો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થિનીઓને ૧૮૧ મહિલા હેલ્પલાઇન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમને સમજાવવામાં આવ્યું હતું કે મુશ્કેલીના સમયમાં અભયમ્ હેલ્પલાઇન કેવી રીતે મદદરૂપ થઈ શકે છે અને અભયમ્ એપ્લિકેશનનો ઉપયોગ કેવી રીતે કરવો જોઈએ. આ ઉપરાંત, મહિલાઓલક્ષી વિવિધ સરકારી યોજનાઓ અને કાયદાઓ વિશે પણ જાણકારી પૂરી પાડવામાં આવી હતી. આ તકે અભયમ્ હેલ્પલાઇન અને શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# કોટડાસાંગાણી નજીક બુકાનીધારીએ મંદિરના મહંતને બંધક બનાવી રોકડ તથા દાગીનાની લુંટ

### સીસીટીવી કેમેરા તોડી અગાસી પર નાખી દીધા

**મુખ્ય સમાચાર, કોટડા સાંગાણી**

કોટડાસાંગાણી નજીક રાજકોટ રુંડ પર આવેલા રોકડિયા હનુમાનજી મંદિરે વહેલી સવારે ત્રણ બુકાનીધારી ત્રાટકી મંદિરના મહંતના પગ બાંધી રોકડ તેમજ સોનાના ઘરેણાની લુંટ હાથ ધરી છે.



આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર કોટડાસાંગાણી નજીક રાજકોટ રોડ પર આવેલા સોળીયા ગામ નજીક આવેલા રોકડીયા હનુમાન મંદિરમા શનિવારની વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં ત્રણ બુકાનીધારી ત્રાટકી મંદિરના મહંત સાધુ ટનાટનદાસના પગ બાંધીને તેમને ફડાકાઓ ઝીંકીને અંદર રહેલા સીસીટીવી કેમેરા તોડી નાખી સાધુએ પહેરેલા કાનના કુંડળ હાથની વીંટી તેમજ ગળામાં પહેરેલ સોનાના ઘરેણા ઉતારી લીધા સાથે જ મંદીરના પટાંગણમાં આવેલ અન્ય રૂમમાં રહેલ કબાટ તોડી ચીજ વસ્તુઓ લુંટી લેવાઈ છે. ટનાટન સાધુ પોતે અહીંયા અંદાજે પચીસ વર્ષથી સેવા પુજા કરતા હોવાનું જણાવેલ પોતે છેલ્લા વીસ વર્ષથી મૌન ધારણ કરેલ હોઈ જેથી તેઓએ પોતાની સાથે બનેલ ઘટના ઈસારાઓ તેમજ કાગળમાં લખીને વર્ણવેલ ત્યારે તેઓએ હોઈ તે દરમિયાન અજાણ્યા ગુજરાતી ભાષામાં વાત કરતા ત્રણ બુકાનીધારી શખ્સો જાળીનું તાળું તોડી અંદર પ્રવેશીને તેઓ કાંઈ વિચારે તે પહેલાં તેમને ગાલ પર ફડાકાઓ ઝીંકીને જમણા ખભાના ભાગે ઈજા પહોંચાડી તેમના દોરડા વડે પગ બાંધીને તેમની બાજુમાં જ રહેલા થેલામાંથી રોકડ રકમ લુંટી લિધી અંદર સીસીટીવી કેમેરા હોઈ જેમાથી એક કેમેરાને લુટારુઓએ તોડી નાખેલ જ્યારે અન્ય કેમેરાઓના લેન્સને અગાસી ઉપર કરી નાખી સમગ્ર ઘટનાને અંજામ આપવામાં આવ્યો છે ઘટના બાદ ગભરાઈ ગયેલા સોળીયા લોકોને જાણ કર્યા બાદ પોલીસને જાણ કરતા સમગ્ર મામલે પીઆઈ રાઠોડ સહીતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી સીસીટીવી કેમેરામા લુટારુઓએ કેદ થયેલા છે કે કેમ તેમજ કેટલી રોકડ તેમજ સોનાના દાગીનાની લુંટ થઈ છે તેની માહિતી મેળવી ઝીણવટપૂર્વક તપાસ હાથધરી ગુનો દાખલ કરવાની તજવીજ હાથ ધરી છે હાલ તો આ ગંભીર પ્રકારના ગુનાને પગલે આ પંથકમાં ભયનો માહોલ ફેલાયો છે.

# લાપતાની ભાળ આપવા બાબત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ફોર્ચ્યુન હોટલની પાછળ, સરસ્વતીનગર શેરી નંબર ૧૧, કનૈયા પાનની બાજુમાં રહેતા ૪૦ વર્ષીય વનરાજભાઈ ઘનશ્યામભાઈ ઝાલા ગુમ થયા છે. માનસિક રીતે અસ્થિર વનરાજભાઈ તા.૧૯/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના બારેક વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈ કારણોસર ચાલ્યા ગયા હોવાની તેમના માતા તખુબહેને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ગુમ થનાર શરીરે પાતળા બાંધાનાં, વાને ઘઉં વર્ણા છે. તેમના વિશે કોઈ માહિતી મળે તો રાજકોટ પોલીસ સ્ટેશન ફોન નંબર ૦૨૮૧- ૨૫૬૩૩૪૦ પર જાણ કરવા જણાવ્યું છે.

# લોન અપવાના બહાને મહિલા એજન્ટ સહીત ૬૫ લોકો સાથે રૂ.૬.૫૦ લાખની ઠગાઈ

### મહિલા અને કસ્ટમરો પાસેથી એડવાન્સ ૧૦-૧૦ હજાર લઈ શિકાર બનાવ્યાઃ નાણાવટી ચોકમાં ઓફિસ ચલાવતા બે શખસો સામે ગુનો, આરોપીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવાડ રોડ પર વૃંદાવન સોસાયટી પાસે સરકારી આવાસ યાજનાના કવાર્ટરમાં રહેતા અને લોન એજન્ટનુ કામ કરતા મહિલાને બે લાખની લોન અપવાની દેવાના બહાને નોકરીએ રાખવાની વાત કરી તેને અને તેના કસ્ટમરો પાસે એડવાન્સના નામે રૂ.૧૦-૧૦ હજાર લઈ કુલ રૂ.૬.૫૦ લાખની છેતરપીંડી કરી નાસી ગયાની ફરીયાદ કરતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોધી બન્ને આરોપીઓની ધરપકડ કરી પુછ્તાછ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતા અને લોન એજન્ટ તરીકે કામ કરતા નુરજહાબેન ઓસમાનમીયા કાદરી એ નાણાવટી ચોકમાં જાસલ કોમ્પલેક્ષમાં ઓફીસ ચલાવતો મુકેશ વાઘેલા અને રાકેશ નામના શખસો સામે ફરીયાદ કરી હતી. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે પખવાડીયા પુર્વે ત્રિકોણ બાગ પાસે બસસ્ટોપ પાસે હતા ત્યારે કોઈ વ્યકિતએ તેને પેમ્લેટ આપ્યુ હતુ જેમા મહિલા ગૃપ લોન લખેલ હોય જેમા મહિલાઓને એક થી બે લાખની લોન આપવાનુ હતુ. બાદમાં મારા કસ્ટમરે મને તે પેમ્લેટ વોટ્સએપ મોકલ્યુ હોય જેથી સાચુ લાગતા તેને ફોન કર્યો હતો જેમા સામાવાળાએ લોન અંગેની વાત કરવી હોય તો આફીસે આવજો તેમ વાત કરી હતી.

દરમ્યાન નુરજહાબેન નાણાવટીચોક પાસે જાસલ કોમ્પલેક્ષમાં બીજા માળે ઓફીસે ગયા હતા જયા મુકેશભાઈ વાઘેલા તેને મળ્યા હતા અને તેને એકથી બે લાખની લોન કરવાની વાત કરી હતી અને વ્યાજ સહીતની વાત કરી હતી જેથી મહિલાએ તે પણ લોનએજન્ટનુ કામ કરતા હોવાની વાત કરતા તેને ઓફીસમાં નોકરી કરવાની અને માસીક રૂ.૩૦ હજાર પગારની વાત કરી લોન માટે કસ્ટમરો શોધવા માટે અને કસ્ટમરો પાસેથી એડવાન્સ રૂ.૧૦ હજાર લેવાની વાત કરી હતી.બાદમાં મહિલાએ અગલ અલગ લોન ધારકો પાસેથી ડોકયુમેન્ટ અને એડવાન્સ લઈ કટકે કટકે રૂ.૬.૫૦ લાખ તેની ઓફીસે તેના પાર્ટનર રાકેશભાઈને આપ્યા હતા અને બાદમાં લોન નહી થતા તેને તપાસ કરતા આ લોકો છેતરવાનુ કામ કરતા હોવાની જાણ થતા તેને ફરીયાદ કરી હતી.

દરમ્યાન ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઈ પી. બી. પટેલ સહીતે ગુનો નોધી બન્ને આરોપીઓની ધરપકડ કરી વધુ આવા કેટલા ગુના કર્યા સહીતની પુછ્તાછ કરી વધુ કાર્યવાહી કરી છે.

# કુવાડવામાં નકલી ફેવીકોલ મામલે દરોડાઃ ત્રણ પકડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા ગામે દુકાનોમાં કંપનીના નામે ડુપ્લીકેટ ફેવીકોલ વેચાણ થતુ હોવાની માહીતીને આધારે કંપનીના વકીલે કુવાડવા પોલીસમાં ફરીયાદ કરતા પોલીસે દરોડા પાડી ત્રણ દુકાનમાંથી ૪૯૫ નકલી ફેવીકવીક કબજે કરી ત્રણ વેપારીઓ સામે ગુના નોધી વધુ કાર્યવાહી કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ નામે ફેવીકોલની કંપનીનં કામ કરતા અને રાજસ્થાનના અલવર ખાતે રહેતા વકીલ નિશ્ચય ધનશ્યાન સ્વરૂપએ ફરીયાદ કરતા પીએસઆઈ સમુદ્રે સહીતના સ્ટાફે કુવાડવા ગામે દરોડા પાડયા હતા જેમા વાકાનેર ચોકડી પાસે ખોડીયાર સેલ્સ એજન્સી માંથી ૧૯૬ ફેવીકવીક મળી આવતા દુકાનદારની પુછ્તાછ કરતા તે કુવાડવા ગામે રહેતા પરેશ દેવરાજભાઈ સોજીત્રા હોવાનુ જણાવતા તેની અટકાયત કરી હતી. જયારે મધરવાડા ગામે બાલાજી એજન્સી નામે દુકાનમાંથી ૨૨૪ નંગ ફેવીકવીક મળી આવતા પોલીસે દુકાનદાર રમેશ ડુંગરભાઈ ઘોણીયાની અટકાયત કરી હતી.

જયારે કુવાડવા ગામે મેઈન રોડ પર ચોરા પાસે ખોડલ પાન એન્ડ કોલ્ડ્રીંગ નામની દુકાનમાંથી ૪૫ નંગ ફેવીકવીક મળી આવતા દુકાન દાર હિત ચંદુભાઈ સુદાણીની અટકાયત કરી તેની પુછ્તાછ કરતા કોઈ ફેરીયો વેચવા આપી ગયાનુ રટણ કરતા પોલીસે કોપી રાઈટ સહીતનો ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી છે.

# મારી સાથે સંબંધ નહીં રાખેતો તારા પિતાને પતાવી દઈશ કહી કોલેજીયન છાત્રાને ધમકી

### માતા સાથે પરીક્ષા આપવા જતી યુવતીને આંતરી ધમાલ મચાવીઃ અગાઉ પણ હેરાન કરતો હોવાની ફરિયાદ કરી હતી, આરોપીઓની શોધખોળ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં રહેતી અને ભાવનગર રોડ પર કોલેજમાં અભ્યાસ કરતી યુવતીને અગાઉ બસમાં સાથે આવતા શખસ પરીચય કેળવી તેની સાથે ધરાર સંબંધ રાખવા માટે અવાર નવાર હેરાન કરી ધમકીઓ આપતો હોય જેથી તેની માતા સાથે બહાર નિકળી હતી જેથી માતા સાથે પરીક્ષા આપવા નિકળેલી કોલેજીયન યુવતીની રિક્ષા આંતરી મારી સાથે સંબંધ નહી રાખે તો તારા પિતાને મારી નાખીશ કહી ધમકી આપ્યાની તેમજ તેના ઘેર જઈને તેના પિતાને તારી છોકરીને બીજા સાથે નહી પરણવા દવ કહી નાસી જતા યુનીવર્સિટી પોલીસે બે શખસો સામે ગુનો નોધી આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ રૈયાધાર પાસે રહેતી ૨૩ વષીય યુવતીએ ફરીયાદ કરી હતી. જમા અરોપી તરીકે મવડી પાસે ઓમનગરમાં રહેતો રઘુરાજ સિહ નરેન્દ્રસિંહ પરમાર અને તેનો મિત્ર હરદેવ ના નામો આપ્યા હતા. ફરીયાદમાં જણાવ્યુ હતુ કે તેને બીએએમએસ પુર્ણ કર્યા બાદ કોલેજમાં ઈન્ટરશીપ કરતી હોવાનુ અને અગાઉ તે કોલેજ જવા માટે ત્રિકોણ બાગ પાસેથી બસમાં તેની બહેન પણીઓ સાથે જતી હોય ત્યારે આઈટીઆઈમાં અભ્યાસ કરતો રઘુવીર પરમાર તેની સાથે બસમાં આવતો હતો અને મારી પાસે બેસી મારી સાથે વાતો કરી પરીચીત કેળવ્યો હતો બાદમાં તેને રઘુવીર યોગ્ય ન હોવાની જાણ થતા તેને સંબધો તોડી નાખ્યા હતા જેથી ઉશ્કેયેલા રઘુરાજએ તેને સંબંધ રાખવા દબાણો કરતો હતો પાછળ આવી અને હેરાન કરતો હતો. જેથી તેની કોલેજમાં પરીક્ષા હોય જેથી તેને માતાને સાથે લઈને જતી હતી જેથી રઘુરાજ અને તેના મિત્ર હરદેવ સહીતે બાઈક પર ધસી આવી રિક્ષા આંતરી તુ મારી સાથે સંબંધ નહી રાખે તો તારા પિતાને પતાવી દઈશ તેવી ધમકી આપી અને મારા માતાને પણ ગાળો આપી હતી બનાવમાં દેકારો થતા લોકો એકઠા થઈ જતા બન્ને શખસો નાસી ગયા હતા.

દરમ્યાન અગાઉ પણ પોલીસને હેરાન કરતો હોવાની જાણ કરી હતી જેથી પોલીસે તેને પકડી આકરી પુછ્તાછ કરી હતી. જેથી તેને મારી ભુલ થઈ ગયાનુ જણાવી માફામાફી કરી હતી. બાદમાં ફરી તેના સાગ્રીતને લઈને યુવતીના ઘેર ગયો હતો અને તમારી દિકરીને હુ છોડીશ નહી. થાય તે કરી લેજો? કહી ઝઘડો કરી નાસી જતા ફરીયાદ કરી હોવાનુ જણાવતા પીએસઆઈ સીપી રાઠોડ સહીતે ગુનો નોધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# ગોંડલના બીલીયાળાગામે વાડીએ ઈલે.મોટર ચાલુ કરતી વેળાએ કરંટ લાગતા પિતા-પુત્રનાં મોત

### બે બહેનોના એકના એક ભાઈએ રક્ષાબંધન પર્વ પહેલાં જ પ્રાણ ગુમાવ્યાઃ ગામ શોકમગ્ન બન્યું , બહેનો અને પરિવારના લોકોનું હૈયાફાટ રૂદન

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ થી આઠ કિ.મી દૂર બીલીયાળાની સીમમાં વાડીની ઓરડીમાં પાણીની મોટર ચાલુ કરતી વેળા પિતા પુત્રને શોર્ટ લાગતા તિવ્ર વિજ કરંટને કારણે બન્નેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ.બે બહેનો વચ્ચે એકના એક ભાઈનું રક્ષાબંધન પુર્વે આકસ્મિક મોત થતા પરિવારમાં હૈયાફાટ રુદન સાથે શોક છવાયો છે.ઘટનામાં પરિવારે તેનાં મોભી પણ ગુમાવ્યા હોય નાનુ એવુ બીલીયાળા ગામ શોકમગ્ન બન્યુ હતું.





આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ બીલીયાળા રહેતા ભીખાભાઈ ભવાનભાઇ હિરપરા ઉ.૫૫ અને તેમનો પુત્ર ક્રીસ ઉ.૧૯ નિત્યક્રમ મુજબ સાંજે પોતાની વાડીએ ગયા હતા.વાવણી કરી હોય મોલાતને પાણી પીવરાવવા પિતા પુત્રને વાડીની ઓરડીમાં જઈ પાણીની મોટર ચાલુ કરવા જતા શોર્ટ લાગ્યો હતો.જોરદાર વિજ કરંટને કારણે બન્ને ફંગોળાયા હતા અને ઘટના સ્થળે જ બન્નેનાં મોત નિપજ્યાં હતાં. મોડી સાંજ થવા છ્તા પિતા-પુત્ર ઘરે પરત નહી ફરતા ભીખુભાઈનાં પત્નિએ વારંવાર મોબાઈલ કરવા છ્તા માત્ર રિંગ વાગતી હોય કંઈક અજુગતુ બન્યાની શંકાએ પાડોશમાં રહેતા ભરતભાઈને જાણ કરતા તેઓ વાડીએ દોડી જતા અને પિતા-પુત્રને મૃત હાલતમાં જોતા તેમણે સગા સબંધીઓને જાણ કરી હતી.બનાવની કરુણતા એ હતી કે પાંચ દિવસ પછી રક્ષાબંધનનો પર્વ આવી રહ્યોછે.તે પહેલા બે બહેનોનો લાડકવાયો ભાઈ અને પરિવારનો આધારસ્તંભક્રિશનું મૃત્યુ થતા બહેનો સહિત પરિવાર હતપ્રત બન્યો હતો.ઉપરાંત પરિવારનાં મોભી ભીખાભાઈનું પણ મોત નિપજ્યુ હોય પિતા-પુત્ર નાં અકાળે મૃત્યુથી પરિવાર નોંધારો બન્યો છે. ક્રીશ રાજકોટની આત્મીય કોલેજમાં બીબીએમાં અભ્યાસ કરતા હતો

# વિધી કરવાના બહાને નજર ચુકવી ગઠીયો સોનાની માળા ઉઠાવી ગયો

### મહીકા ગામે તેની વાડીમાં સુરાપુરાના દર્શન કરવા પરીવાર ગયો હતોઃ આજીડેમ પોલીસે ગઠીયા સામે ગુનો નોધી પકડી લીધોઃ આકરી પુછ્તાછ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કુવાડવા રોડ પર મારૂતી નગરમાં રહેતો પરીવાર મહીકા ગામે તેની વાડીમાં સુરાપુરાના દર્શન કરવા ગયા હતા તે દરમ્યાન એક ગઠીયાએ તેને વીધી કરાવવી પડશે કહી વાતો કરાવી નજર ચુકવી વૃધ્ધાના સોનાની માળાની ચોરી કરી નાસી ગયાની ફરીયાદ કરતા આજીડેમ પોલીસે ગુનો નોધી ગઠીયાને પકડી લઈ તેની પાસેથી માળા કબજે કરી વધુ પુછ્તાછ કરી છે.

આ અંગેની માહિતી મુજબ મારૂતીનગરમાં રહેતા રેખાબેન ભાવેશભાઈ મોલીયા એ ફરીયાદ કરી હતી. જેમા તે તેના સાસુ,સસરા અને સંતાનો સાથે તેની મહીકા ગામે વાડીઓ સુરાપુરાનુ મંદીર હોય ત્યા દર્શન કરવા માટે ગયા હતા. દરમ્યાન કોઈ અજાણ્યા શખસ વાડીમાં આવ્યો હતો અને તમારે રામાપીરની વીધી કરવી પડશે નહીતર તમને નડશે કહી તેના સસરા સાથે વાતો કરતો હોય અને બાદમાં મંદીરમાં દર્શન કરવા ગયા હતા બાદ પરત બહાર નીકળતા તેના સાસુના ગળામાં પહેરેલ સોનાની માળા ગાયબ હોય શોધખોળ બાદ નહી મળતા ફરીયાદ કરી હોવાનુ જણાવતા પોલીસે અજાણ્યા શખસ સામે ગુનો નોધી કાર્યવાહી કરી હતી.

દરમ્યાન પીએસઆઈ રાણા સહીતે માહીતીને આધારે આજીડેમ પાસેના ભારતનગરમાં રહેતો વિજય કિશોરભાઈ માંગરોલીયા નામના શખસને ઉઠાવી લઈ તેની આકરી પુછ્તાછ કરતા તેને ચોરી કરી હોવાની કબુલાત આપતા પોલીસે તેની ધરપકડ કરી તેની પાસેથી રૂ.૫૧ હજારની કિંમતની સોનાની માળા કબજે કરી વધુ કાર્યવાહી કરી છે.

# મોલમાં ખરીદી કરવાના બહાને ચોરી કરતી બે મહિલાઓ રંગે હાથ પકડાઈ

### બે દિવસ પૂર્વે પણ ઘીના પાઉચ ઉઠાવી ગઈ હતીઃ યુનિવર્સિટી પોલીસમાં ગુનો નોધાયો,આરોપીઓની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં કાલાવાડ રોડ પર ક્રિસ્ટલ મોલના ડી માર્ટ સ્ટોરમાં ખરીદી કરવાના બહાને કેટલીક વસ્તુઓ બેગમાં નાખી ચોરી કરતી બે મહિલાઓને મોલના કર્મચારીઓએ રંગે હાથ પકડી પોલીસ હવાલે કરતા યુનિવર્સિટી પોલીસે બન્નેની અટકાયત કરી તેની પાસેથી પાંચ હજારની વસ્તુઓ કબજે કરી વધુ કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ ક્રીસ્ટલ મોલના ડી માર્ટમાં મેનેજર તરીકે નોકરી કરતા અને મોચીનગરમાં રહેતા વસીમભાઈ રસીકભાઈ મંસુરી એ ફરીયાદ કરી હતી જેમા આરોપી તરીકે શ્રમજીવી સોસાયટીમાં રહેતી મોના હિતેનભાઈ શાહ અને સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે આરએમસી કવાર્ટરમાં રહેતી પ્રીતી હિતેશભાઈ શાહના નામો આપ્યા હતા. ફરીયાદમાં જણતાવ્યુ હતુ કે રાત્રીના સ્ટોક ચેક કરતા હતા ત્યારે ઘીના ૧૨ પાઉચ ઓછા બતાવતા હતા જેથી તેને સીસીટીવી ચેક કરતા એક મહિલા ખરીદી કરવા આવી હતી જેમા કેટલીક વસ્તુઓ લીધી હતી. અને ઘીના પાઉચ પણ લીધા હતા પરંતુ બીલ બનાવતી વેળાએ પાઉચ છુપાવ્યા હતા.

દરમ્યાન બે દિવસ બાદ વસીમભાઈ મોલના સીસીટીવીમાં અગાઉ ચોરી કરતી મહિલા ખરીદી કરવા આવી હોવાની જાણ થતા તેને સ્ટાફને બોલાવી મહિલા પર નજર રાખવા માટે સુચના આપી હતી. બાદમાં બન્ને મહિલાઓ વસ્તુઓના બીલ બનાવી બહાર નીકળતી વેળાએ તેને સીકયુરીટી દ્રારા ચેક કરવામાં આવતા રૂ. પાંચ હજાર કિંમતની ૧૫ વસ્તુઓ ચોરી કરી હોવાનુ બહાર આવ્યુ હતુ. જે ચોરીના બનાવમાં જમાદાર દિપકભાઈએ ગુનો નોધી બન્ને મહિલાઓની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# શાસ્ત્રી મેદાન પાસે ચોરાઉ બાઇક સાથે જંગલેશ્વરનો શખ્સ ઝડપાયો





## સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસના ગુન્હામાં નાસ્તો ફરતો શખ્સ રાજકોટમાં પકડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે કોઇ અનઇચ્છનીય બનાવ ન બને અને લોકો શાંતિપૂર્ણ રીતે તહેવારની ઉજવણી કરી શકે તે હેતુથી રાજકોટ શહેર પોલીસ દ્વારા વાહન ચેકિંગ અને પેટ્રોલિંગ સઘન બનાવ્યું છે. ત્યારે શહેરના શાસ્ત્રી મેદાન પાસેથી ચોરાઉ બાઇક સાથે એ-ડિવિઝન પોલીસે જંગલેશ્વરના શખ્સને દબોચી લઇ ત્રણ બાઇક કબ્જે કર્યા છે.

આ અંગેની માહિતી મુજબ એ-ડિવિઝન પોલીસ મથકના પીઆઇ બી.વી.બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.એમ.રાણા, હેડ કોન્સ. કલ્પેશભાઇ, કનુભાઇ, સાગરભાઇ, ધર્મેશભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે શાસ્ત્રી મેદાન પાસે આવેલ જાહેર શૌચાલય પાસેથી જંગલેશ્વરનો મકબુલ ઉર્ફે મસદુલ હારુલ હેરજાને ચોરાઉ બાઇક સાથે દબોચી લઇ આકરી પુછપરછ કરતા આ શખ્સે શહેરના અન્ય વિસ્તારોમાંથી ત્રણ બાઇક ચોરી કર્યાની કબુલાત આપતા પોલીસે રૂ.૫૫ હજારની કિંમતના ત્રણ ચોરાઉ બાઇક કબ્જે કર્યા હતા.

જયારે બીજા બનાવમાં એ-ડિવિઝન પોલીસના હેડ કોન્સ. ધારાભાઇ ગઢવી, મહેશભાઇ ચાવડા, કલ્પેશભાઇ બોરીચા સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે જીલ્લા પંચાયત ચોક પાસે એક શખ્સ શંકાસ્પદ ઉભો હોય પોલીસે તેને અટકાવી નામઠામ પુછતા પોતે સુરેન્દ્રનગરના ચોકડી ગામનો રહેવાસી અને પોતે રૂત્રૂતુરાજ લાલજી આલ નામનો રબારી હોવાનું જણાવતા પોલીસે તેનો ગુન્હાહીત ઈતિહાસ ચેક કરતા આ શખ્સ સુરેન્દ્રનગર સીટી એ-ડિવિઝન પોલીસના ગુન્હામાં નાસ્તો ફરતો હોય. પોલીસે સુરેન્દ્રનગર એસઓજીની ટીમને આ શખ્સને સોંપી દીધો હતો.

# રાજકોટના ફઈ-ભત્રીજી અપહરણ કેસમાં યૂ-ટર્નઃ ફઈ પોતે જ આરોપી નીકળી

## ભાઈ પાસેથી મિલકતમાં ભાગ પડાવવા વકીલ સાથે મળી તરકટ રચ્યાનો ઘટસ્ફોટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ના વેપારી પરિવારની ૬ વર્ષની પુત્રી અનાયા અને ૪૪ વર્ષની તેની ફઈ રીમા માખાણીના ગુમ થવાના પ્રકરણમાં પોલીસે લાપતા ફઈ-ભત્રીજીને શોધી કાઢ્યા બાદ બંનેના અપહરણનો ગુનો નોંધ્યો હતો અને આ મામલે ઊંડાણથી તપાસ કરતાં સનસનીખેજ હકીકત બહાર આવી હતી. ૪૪ વર્ષની મહિલાએ પોતાના ભાઈ રિયાઝ માખાણી પાસેથી વારસાઈ મિલકતમાં ભાગ મેળવવા માટે વકીલ સાથે મળી અપહરણનો કારસો ઘડયો હતો.

રાજકોટ પોલીસને ફૈબા અને ભત્રીજીને શોધવામાં સફળતા મળી હતી. તપાસ દરમિયાન પોલીસે પૂછપરછ હાથ ધરી હતી, જેમાં મહિલા ભાંગી પડી હતી અને કબૂલાત આપી હતી કે, તેણે પોતાના ભાઈ પાસેથી મિલકત પડાવવા માટે ભત્રીજીનું અપહરણ થયાનું કાવતરું ઘડયું હતું

આ અંગેની માહિતી મુજબ અલ્કાપુરી મેઇન રોડ પર રહેતા રિયાઝ માખાણીની ફરિયાદ પરથી



શનિવારે સવારે પોલીસે અનાયા અને રીમાના અપહરણનો અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. DCP ઝોન-૨ જગદીશ બાંગરવા સહિતના અધિકારીઓએ શરૂઆતથી જ શંકાના દાયરામાં રહેલી ફઈ રીમાની ઊલટ પૂછપરછ કરી તો તે ભાંગી પડી હતી.રીમાએ કબૂલાત આપી હતી કે, તેના પિતાની માલિકીની કરોડો રૂપિયાની મિલકતમાં ભાગ પડાવવા પોતે રેલનગરમાં રહેતા વકીલ રાજવીરસિંહ ઝાલાને મળી હતી અને વકીલ ઝાલાએ કાવતરું ઘડ્યું હતું. કાવતરા મુજબ તા.૨૪ના રીમા પોતાની ભત્રીજી અનાયાને લઈને ઘરેથી નીકળી હતી

અને વકીલ રાજવીરસિંહ ઝાલા જ ફનવર્લ્ડની સામે મોઢે બુકાની બાંધીને અને હાથમાં છરી સાથે આવ્યો હતો અને ફઈ-ભત્રીજીને કારમાં મોરબી, ત્યાંથી ભુજ, ત્યાંથી રાજસ્થાન અને ઇન્દોર પહોંચ્યા હતા, ઇન્દોરમાં રીમા અને અનાયાને મૂકી વકીલ રાજવીરસિંહ ઝાલા નાસી ગયો હતો. રાજકોટ પોલીસે આ મામલામાં એક તબક્કે ભોગ બનનાર લાગતી હતી તે રીમા માખાણીની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે. એક તબક્કે પોલીસને ગેરમાર્ગે દોરનાર રીમા માખાણી પોલીસની ઊલટ પૂછપરછમાં ભાંગી પડી હતી અને પોપટ બની ગઇ હતી, રીમાએ પોલીસ સમક્ષ કેફિયત આપી હતી કે, તેના પિતાની કરોડોની મિલકતમાં પોતાનો હિસ્સો હતો પરંતુ ભાઈ રિયાઝે તમામ મિલકત પોતાના નામે કરવાનો ખેલ શરૂ કરી દીધો હતો. દોઢ વર્ષ પહેલાં ભાઇએ વીડિયોગ્રાફી કરાવીને રીમાનો હિસ્સો મિલકતમાંથી જતો કરાવ્યો હતો, અન્ય મકાન સહિતની મિલકતમાં પણ ભાગ નહીં આપવા રિયાઝ દબાણ કરતો હોય જામનગર રહેતી તેની સહેલીને આ બાબતે વાત કરી હતી, સહેલીએ તેના ભાઈના રાજકોટ રહેતા એડવોકેટ મિત્ર રાજવીરસિંહ ઝાલાને મળવા સૂચન કર્યું હતું.

# જસદણના વડોદગામે શખ્સ સવા બે કિલો ગાંજા સાથે ઝડપાયો

## પોલીસે બાઈક, ગાંજો અને મોબાઈલ મળી રૂ.૪૮,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણ તાલુકાના વડોદથી શિવરાજપુર ગામ વચ્ચે લાલકા વાવ ગામ નજીકથી ગ્રામ્ય એસોજીએ દરોડો પાડી ૨ કિલો ૩૧૦ ગ્રામ ગાંજાના જથ્થા સાથે વડોદ ગામમાં રહેતા શખસને ઝડપી લીધો હતો. પોલીસે બાઈક, ગાંજો અને મોબાઈલ મળી રૂ.૪૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એસ.ઓ.જી. પીઆઈ એફ.એ.પારગીની રાહબરીમાં ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન જસદણ તાલુકાના વડોદ ગામે રહેતો જશવંત આંબા સદાદીયા નામનો શખસ જીજે



૩ ઈજે ૫૯૭ નંબરના બાઈકમાં વડોદ ગામથી શિવરાજપુર ગામ તરફ જઈ રહ્યો છે અને તેની પાસે માદક પદાર્થ હોવાની બાતમી એએસઆઈ વિપુલભાઈ ગુજરાતીને મળી હતી.

જે બાતમીના આધારે હેડ કોન્સ્ટેબલ વિજયભાઈ વેગડ, પ્રહલાદસિંહ રાઠોડ અને અનિરુદ્ધ સિંહ જાડેજા સહિતના સ્ટાફે લાલકા વાવ પાસે વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ બાઈક પસાર થતા તેને અટકાવી ચાલકની પુછ્તાછ કરતા તેનું નામ જશવંત આંબા સદાદીયા(ઉ.વ.૩૬)(રહે. વડોદ,તા. જસદણ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની અંગજડતી લેતા તેની પાસેથી ૨ કિલો ૩૧૦ ગ્રામ ગાંજો મળી આવતા તેની અટકાયત કરી ગાંજો, મોબાઈલ અને બાઈક મળી રૂ.૪૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આ શખસ સામે જસદણ પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમ હેઠળ ગુનો દાખલ કરાવી ધરપકડ કરી હતી. પોલીસે જણાવ્યું હતું કે, માદક પદાર્થ સાથે ઝડપાયેલો આ શખસ ત્રણ મહિના પૂર્વે ગેરકાયદે હથિયાર રાખવાના ગુનામાં ઝડપાયો હતો. આરોપી ગાંજાનો જથ્થો કોની પાસેથી લાવ્યો હતો અને કોને સપ્લાય કરવાનો હતો? તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જમીન મકાનના ધંધાર્થીની સ્વીફ્ટ કાર પિતા-પુત્રએ બારોબાર વેચી દીધી

## ફલ્લાના બંને શખ્સોએ ૪ લાખમાં કાર ખરીદી ૫૦ હજાર ચૂકવી ૩.૫૦ લાખની ઠગાઈ કર્યાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મવડી વિસ્તારમાં રહેતાં જમીન-મકાનના ધંધાર્થીએ ખરીદેલી કાર મિત્ર મારફત જામનગરના ફલા ખાતે રહેતાં શખ્સને ૪ લાખમાં વેંચતા તેણે ૫૦ હજાર ગૂગલપેથી ચુકવી બાકીના ૩,૫૦,૦૦૦ આજ સુધી નહિ આપતાં અને બીજી તરફ આ કાર સુરતના એક કારમેળા પાસે પહોંચી જતાં તપાસ કરતાં ફલાના આ શખ્સે તેના દિકરા સાથે મળી બારોબાર સુરતમાં કાર વેંચી નાખી હોવાનું જણાતાં ઠગાઈ થયાની ખબર પડી હતી. આ બનાવમાં તાલુકા પોલીસે મવડી ગુરુકુળ પાસે પરમેશ્વર સોસાયટી-૨માં રહેતાં પ્રવિણભાઈ જસમતભાઈ પાંભર (ઉ.વ.૪૨)ની ફરિયાદ પરથી જામનગરના ફલા પ્રભુદાસ સેવાદાસ સોલંકી તથા રાજદાસ પ્રભુદાસ સોલંકીની ફરિયાદ પરથી ઠગાઈનો ગુનો નોંધ્યો છે. પ્રવીણભાઈ જમીન મકાન લે-વેંચનું કામ કરી ગુજરાન ચલાવે છે. તેણે જણાવ્યું છે કે હું મારા પત્નિ જપથી, પુત્ર પ્રીત સાથે રહું છું. મારા માતા-પિતા નનાવડા ગામે રહે છે. અમે બે ભાઈઓ છીએ. જેમાં મોટા જયેશભાઈ રાજકોટમાં અલગ રહે છે. મેં ૨૦૨૩માં કારની જરૂર હોઈ જેથી મારા મિત્ર પાર્થ પાડલીયા જે કાર લે-વેંચનું કામ કરે છે તેની પાસેથી વીડીઆઈ કાર લેવાની વાત કરતાં તેણે મને ફોટા મોકલ્યા હતાં. એ પછી મને એક કાર ગમી ગઈ હતી. જેના ભાવ તેણે ૪,૫૦,૦૦૦ કહ્યા હતાં. મેં હા પાડતાં તા. ૨/૬/૨૩ના રોજ હું અને પાર્થ વડોદરા કાર જોવા ગયા હતાં. ત્યાં નંદલાલ હરીલાલ રાઠોડના ઘરે ગયેલા અને જીજે૦૫એચએસ-૭૨૪૭ નંબરની કાર મને બતાવી હતી. જે મેં ૪,૫૦,૦૦૦માં ખરીદી હતી

હું અને મારો મિત્ર પાર્થ કાર લઈને રાજકોટ આવ્યા હતાં. બાદ પંદર વીસ દિવસ મેં કાર ચલાવી હતી. પરંતુ મને ગમતી ન હોઈ ૨૫/૬/૨૩ના રોજ મેં ઓમનગર સર્કલ પાસે ક્રિષ્ના ચોક પટેલ એલાયમેન્ટ ખાતે મિત્ર પાર્થ પ્રફુલભાઈ પાડલીયાનું ગુરેજ હોઈ ત્યાં ૪ લાખમાં વેંચવા માટે મુકી હતી. ૩૦/૬ના રોજ હું ઘરે હતો ત્યારે પાર્થનો ફોન આવ્યો હતો કે જામનગર રહેતાં પ્રભુદાસ સેવાદાસ સોલંકીના પરે જવાનું છે, તેને કાર બતાવવાની છે. જેથી હું અને પાર્થ જામનગરના ફલા ગામે ખુદાસ સોલંકીને મળ્યા હતાં. પ્રભુદાસની ઈકો કાર પાર્થને લવી હતી. જેથી તેણે ૩,૯૦,૦૦૦ રોકડા આપી પાર્થએ ઈકો ખરીદ કરી હતી. એ પછી અમે રાજકોટ આવી ગયા હતાં. ત્યારે પાર્થનો ફોન આવ્યો હતો કે કણાવાળા પ્રભુદાસને તમારી સ્વીફ્ટ કાર ગમે છે વેંચવી હોય તો વાત કરું. મેં હા પાડતાં ૪ લાખમાં કાર આપી દેવાની છે તેમ કહ્યું હતું. બાદ પ્રભુદાસનો ફોન આવોલ અને કહ્યું કે મારા દિકરા રાજદાસને મોકલુ છુ તેને કાર આપી દેજો હું પૈસા તમારા ખાતામાં નાખી દઈશ. જેથી બીજા દિવસે રાજદાસ આવતાં મેં કાર આપી દીધી હતી. પ્રભુદાસે ગૂગલપેથી મારા ખાતામાં ૫૦,૦૦૦ મોકલ્યા હતાં. બાકીના ૩,૫૦,૦૦૦ ૨૦/૭/૨૩ના આપી દેશે તેમ કહ્યું હતું. પરંતુ બાદમાં વારંવાર ફોન કરવા છ્તાં અને ઉઘરાણી કરવા છ્તાં ૩,૫૦,૦૦૦ પ્રભુદાસે મને આપ્યા નથી. હું ઉઘરાણી કરુ તો અલગ અલગ બહાના બતાવતો હતો. પછી પ્રભુદાસે મારો ફોન બ્લોકલિસ્ટમાં નાખી દીધો હતો.

પાછી માંગતા તેણે કહેલું કે વ્હોટએપમાં વાત કરું તો તે અલગ અલગ તારીખના વાયદા આપે છે અને બહાના બતાવે છે. બાદમાં અમે ૧૫/૧૧/૨૩ના રોજ રૂબરૂ મિત્ર પાર્થને લઈને બુદાસને મળવા જતાં તેણે કહેલું કે હાલ મારી પાસે પૈસા નથી. મેં મારી ગાડી પાછી માંગતા તેણે કહેલું કે તમારી ગાડી મુંબઈ મારા આશ્રમ ખાતે પડી છે. આથી અમે પાછા આવી ગયા હતાં. ૧૪/૫/૨૪ના રોજ નંદલાલે કાર મારા નામે કરી આપી હતી. બાદ ૨૫/૫/૨૫ના રોજ હું અને મિત્ર પાર્થના ગેરેજ ખાતે હતો ત્યારે નંદલાલનો ફોન આવ્યો હતો કે સુરતના કુબેર કાર મેળાવાળા રાહુલ ભાડનો ફોન આવ્યો છે. અને તે સ્વીટ કારની એનઓસી, ટીટીઓ ફોર્મ માંગે છે. જેથી મેં રાહુલને તેની પાસે કાર ક્યાંથી આવી? પુછ્તાં તેણે અક ડિલરે આપી છે તેમ કહ્યું હતું. જેથી અમે તપાસ કરતાં ખબર પડી હતી કે મારી કાર બારોબાર પ્રભુદાસ સોલંકી અને તેના દિકરા રાજદાસે વેંચી નાંખી છે. તાલુકા પીઆઈ ડી. એમ. હરીપરાના માર્ગદર્શનમાં એએસઆઈ કે. પી. સાગરે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# હું બીજી છોકરી સાથે વાત કરું છું તે વાત મારા ભાઈને શું કામ કરી તેમ કહી પતિએ પત્નીને માર માર્યો

## કેવલમ આવાસ ક્વાર્ટરમાં બેફામ મારકુટ કરનાર પતિ વિરુદ્ધ પરણિતાએ પોલીસમાં નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેવલમ આવાસ ક્વાર્ટરમાં રહેતી પરિણીતાને તેના પતિએ હું બીજી છોકરી સાથે વાતો કરુ છું તે વાત તે મારા મોટા ભાઈને શું કામ કહી દીધી? તેમ કહી ઢીકાપાટુનો બેફામ માર મારતાં સારવાર માટે દાખલ થવું પડયું હતું. આ અંગે યુનિર્સિટી પોલીસે કાલાવડ રોડ કેવલમ આવાસ યોજના બ્લોક નં. ૨૫માં રહેતાં હિરલબેન વિજયભાઈ સોલંકી (ઉ.વ.૨૦)ની ફરિયાદ પરથી તેના પતિ વિજય સંજયભાઈ સોલંકી વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે.

હિરલબેને ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવાર સાથે રહું છું અને મારો પતિ વિજય છુટક મજૂરી કરે છે. લગ્ન બાદ હું અને પતિ તથા મારા કાકીજી સાસુ પદ્મબેન શૈલેષભાસ સોલંકી જે સાધુ વાસવાણી રોડ નટરાજનગરમાં આવાસમાં રહે છે તેની સાથે રહીએ છીએ. મારા માવતરમાં પિતા હયાત નથી, માતા દયાબેન શૈલેષભાઈ પરમાર માર્કેટ યાર્ડ પાસે હુડકોમાં રહે છે. શનિવારે તા.રના બપોરે મારા કાકજી સાસુ પદ્મબેનના



ઘરે હું હતી ત્યારે પતિ વિજયે આવી બોલાચાલીક રી હતી અને ઝઘડો કરી કહેલું કે મારા મોટા ભાઈ રાજને તું કેમ કહે છે કે હું બીજી કોઈસ્ત્રી સાથે ફોનમાં વાત કરુ છું, તને આવુ કહેવાનું કોણે કીધુ? કહી મને ઢીકાપાટુ માર્યા હતાં અને ગાળો દીધી હતી. બાદમાં તે જતો રહ્યો હતો. મને વાંસા, ગાલ, મોઢા પર મુંઢ ઈજાઓ થઈ હોઈ મારા માતા દયાબેનને ફોન કરતાં તો મારા ઘરે આવ્યા હતાં અને મને સારવાર માટે લઈ ગયા હતાં. છેલ્લા ચારેક મહિનાથી પતિ મને આ રીતે નાની નાની વાતે મારકુટ કરી જેમતેમ બોલી ત્રાસ ગુજારતો હોઈ મારે ફરિયાદ કરવી પડી હતી. તેમ વધુમાં હિરલબેને કહેતાં એએઅસાઈ જે. એલ. બાળાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# ભગવતીપરામાં વૃદ્ધજને ગળેફાંસો ખાઈ જિંદગીથી છેડો ફાડ્યો

## બામણબોર જીઆઈડીસીમાં ભોં ટાકામાં પટકાયેલા યુવકનું ડૂબી જતાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભગવતીપરા વિસ્તારમાં રહેતા વૃદ્ધે - કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. વૃદ્ધના મોતથી પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છ્વાઈ જવા પામી હતી.

આ અંગે ની જાણવા મળતી - વિગત મુજબ રાજકોટમાં ભગવતીપરા મેઈન રોડ ઉપર - રહેતા ઈસ્માઈલભાઈ આસદભાઈ ધાવડ નામના ૬૫ - વર્ષના વૃદ્ધ પોતાના ઘરે હતા ત્યારે છ વાગ્યાના - અરસામાં કોઈ અગમ્ય કારણસર ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ઘટના અંગે જાણ થતાં - બીડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક ઘટના - સ્થળે દોડી ગયો



હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી વૃદ્ધના મૃતદેહને પોસ્ટમોટર્મ અર્થે સિવિલ હોસ્પિટલ - ખાતે ખસેડયો હતો.

બીજા બનાવમાં રાજકોટના બામણબોર - ગામે આવેલ જીઆઈડીસીમાં રહેતા રામ કિશોરભાઈ રાવ નામનો ૪૦ વર્ષનો યુવાન અકસ્માતે ભોંટાકામાં પડી ગયો હતો. યુવકને ઈજા પહોંચતા અને ડુબી જવાથી મોત નિપજ્યુ હતું. શ્રમિક યુવાનના મોતથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જેતપુરના મોટા ગુંદાળા ગામની સીમમાં જુગાર રમતા ૭ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુર તાલુકા પોલીસે મોટા ગુંદાળા ગામની સીમ વિસ્તારમાં માંથી જુગાર રમતા સાત શખ્સોને રૂ. ૩૪.૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી

આ અંગેની વિગત મુજબ પોલીસ અધિક્ષકની સૂચના અનુસાર દારૂ જુગારની પ્રવૃત્તિઓ શોધી કાઢી, આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સદંતર નાબુદ કરવા અસરકારક કામગીરી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય જે અન્વયે જેતપુર વિભાગના નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ તાલુકો પોલીસ સ્ટેશનના પી.આઈ એ.એમ.હેરમાં સર્વેલન્સ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહિબીશન જુગારની કામગીરીમા હતા જે દરમ્યાન સર્વેલન્સ સ્ટાફને મળેલ હકિકત આધારે જેતપુર તાલુકાના મોટા ગુંદાળા ગામના સીમ



વિસ્તારમાં જુગાર રમતા દિલીપભાઈ કલાભાઈ ગોંડલિયા ઉ.વ ૫૯, સુરેશભાઈ હરસુખભાઈ ચડોતરા ઉ.વ ૫૦, મુકેશભાઈ મથુરભાઈ મકવાણા ઉ.વ ૩૯, પાલાભાઈ નાથાભાઈ ડાભી ઉ.વ ૫૮, અરુણભાઈ વલ્લભભાઈ કાકડિયા ઉ.વ ૫૯, હિરાલાલ આંબાલાલ બારૈયા જાતે.કોળી ઉ.વ.૫૮ રહે. તમામ મોટાગુંદાળા તેમજ દિનેશભાઈ બચુભાઈ બારૈયા રહે ભૂતવડ ઉ.વ ૫૧ ને કુલ મુદ્દામાલ કિંમત રૂપીયા ૩૪,૪૦૦ સાથે ઝડપી કાર્યવાહી કરી હતી.

# મોરબી રોડ પર રતનપર ગામે ઓટલે બેસવા પત્ની ગઈ, બેફામ માર પતિએ ખાધો

## પત્ની પાડોશમાં રહેતા વૃદ્ધા સાથે ઓટલે બેસવા જતી હોય પતિને ન ગમતા ઠપકો આપવા ગયો'ને પાઈપ, ધોકા પડ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ પર રતનપર ગામે આવેલી રામધામ સોસાયટીમાં બની હતી જ્યાં પાડોશી સાથે તેમના ઓટલે બેઠેલી પત્નીને ત્યાં ન બેસાડવાનું કહેતાં જ પાડોશી યુવકે બેફામ ધોલાઈ કરી નાખી હતી.

આ અંગે સંદીપસિંહ રાજેન્દ્રસિંહ જાડેજાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેની પત્ની ખમ્માબા શેરીમાં રહેતા રવિરાજસિંહ પરમારના ઘરની બહાર રવિરાજસિંહના મમ્મી સાથે બેઠી હોય મને પસંદ ન પડતા મેં રવિરાજસિંહના મમ્મી મનહરબાને જઈને મારી પત્નીને અહીં શું કામ બેસવા દો છો' તેમ કહેતા મનહરબાના પુત્ર રવિરાજસિંહે બહાર આવી 'ભલેને બેઠા તને કોઈ વાંધો છે' તેમ કહી પોલીસ પાસે હોય તેવી લાકડીથી હુમલો કર્યો હતો. આ પછી રવિરાજસિંહના મિત્રો બદુ અને જયદીપે પણ પાઈપ અને ધોકાથી સંદીપસિંહ ઉપર હુમલો કર્યો હતો.

આટલું ઓછું હોય તેમ રવિરાજસિંહે સંદીપસિંહને ગુપ્ત ભાગે લાકડી મારી દીધી હતી અને છોડાવવા વચ્ચે પડેલાં સંદીપસિંહના મમ્મીને પણ લાત મારી પછાડી દેતાં સંદીપસિંહને હોસ્પિટલમાં ખસેડાયો હતો. કૂવાડવા રોડ પોલીસે રવિરાજસિંહ પરમાર, બદુ અને જયદીપ સામે ગુનો નોંધ્યો હતો.

# ગોંડલ નજીકથી ૧,૧૦૩ બોટલ વિદેશી દારૂ ભરેલી કાર પકડાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ નજીક જેતપુર જતા હાઈ-વે પર શ્રી હોટલ પાસેથી જી.જે.-૦૩-બી.એચ.૩૪૯૭નંબરની કારમાં ૧,૧૦૩ બોટલ વિદેશી દારૂ ગોંડલ બી-ડિવિઝન પોલીસને મળી આવ્યો હતો. ઈન્ચાર્જ પીઆઈ એલ.આર. ગોહિલ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે કાર ભરેલી દારૂ બાબતે માહિતી મળી હતી. શ્રીજી હોટલ પાસે જઈ કાર ચેક કરતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડની ૨,૭૧,૫૪૨ રૂપિયાની કિંમતની ૧૧૦૩ બોટલ દારૂ મળી આવ્યો હતો. કાર ચાલક હાથ લાગ્યો ન હતો. પોલીસે દારૂ, કાર મળી ૯.૭૧ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. કાર નંબર આધારે ચાલકની શોધ હાથ ધરી છે.

# NEET PG ની પરીક્ષા પુરી આ વર્ષે પેપર સરળ રહેતા મેરીટ ઊંચું જવાની સંભાવના

## રાજકોટનાં છ પરીક્ષા કેન્દ્રો પર ૧૨૫૩ ઉમેદવારોએ પરીક્ષા આપી, એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાતાં વિદ્યાર્થીઓની ફરિયાદ દૂર થઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રવિવારે NEET PGની પરીક્ષા લેવાઈ હતી. દર વર્ષની તુલનામાં આ વર્ષે પેપર સરળ હોવાનું પરીક્ષાર્થીઓએ જણાવ્યું હતું.રાજકોટ સહિત દેશમાં અન્ય શહેરોમાં આ પરીક્ષા લેવાઈ હતી.રાજકોટ જિલ્લામાં ૬ પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્વક પરીક્ષા યોજાતા તંત્રને પણ રાહત થઈ હતી.૧૨૫૩ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. આ વર્ષે પેપર સરળ રહ્યું હોવાને કારણે મેરીટ પણ ઊંચું જાય તેવી સંભાવના છે.આ વખતે એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાઈ હતી.એક સેક્શનમાં ૪૦ પ્રશ્નો પૂછ્યા હતાં.રાજકોટમાં મારવાડી યુનિ. ઈન્ફોટેક લેબ,આર.કે.યુનિ. તેમજ મેટોડાની ૩ કોમ્પ્યુટર લેબ પર પરીક્ષા યોજાઈ હતી.ખાસ કરીને એક જ શિફ્ટમાં પરીક્ષા લેવાના કારણે વિદ્યાર્થીઓની ફરિયાદો પણ દૂર થઈ હતી. ૮૦૦ જેટલા માર્કની આ પરીક્ષા હતી જેમાં ૧૯ જેટલા વિષયોનાં સવાલો પૂછ્યા હતાં.

# રાજકોટના પારડી ગામે જાહેરમાં જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી ઝડપાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપર વેરાવળ પોલીસ મથકના પીઆઇ આર.બી.રાણાની સુચનાથી એએસઆઇ મયુરસિંહ, હેડ કોન્સ. જયદિપસિંહ, રાજેશભાઇ, દિનેશભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમી મળી હતી કે, પારડી ગામે રામજી મંદિર પાસે કેટલાક શખ્સો જાહેરમાં નસીબ આધારીત જુગાર રમી રહ્યા હોય. પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જુગાર રમતો પ્રકાશ વજુ શીશાગીયા, પોલા રામજી ખેર, કમલેશ શંભુ ધડુશીયા, ચેતન જીવા મોકરીયા અને ભોજા ભુરા મોકરીયા સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ.૧૨૩૦૦નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.